
# સહજ-સત્સંગ

અંક : ૨૮૯ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઑક્ટોબર - ૨૦૧૨





**નાગેશ્વરમ્**
(દારુકાવન, મહારાષ્ટ્ર)



# મા મીરાંબિકા

It is he who wants to take that is unhappy,
he who gives himself is never so.

- The Mother

## સુખી થવાનો માર્ગ

ભાવાનુવાદ

જે લેવા માંગે તે, નિશ્ચિત દુઃખી થઈ જાય,
નકાર કે વેલું મોડું થએ, ચિંતમાં ભસ્મ તે થાય.
જે સર્વસ્વ અર્પણ કરે, ન તેને દુઃખની છાંટ,
આપ્યું જ છે તો ભલે ઝુંટવી લે, તફાવત ન લગીરે ક્યાંય.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૦ ઑગસ્ટ ૧૯૧૪)



લોકોને જ્ઞાન આપવામાં કામ આવે તે માટે આપણે લક્ષ્યને એક નવા દૃષ્ટિકોણથી જોવાનું રહે છે અને તે માટે આપણે આપણને થએલી આંતરિક શોધની અનુભૂતિને સતત રીતે ફરી ફરીને તાજી કરવી જોઇએ..... એમાં આપણી યાત્રાનો અંત કેવો થશે તેની અગાઉથી કદી કલ્પના કરવી જોઈએ નહિ.

પણ મન..... પોતાને કહે છેઃ 'માર્ગને અંતે આપણને આ વસ્તુ મળી આવે છે (ખરેખર તો)..... જે બૌદ્ધિક વિચાર બાંધવામાં આવે છે તે તો અનુભૂતિ થયા પછી આવવો જોઈએ, તેની પહેલાં નહિ.

આપણે રસ્તા ઉપર જાણે હજી કદી ચાલ્યાં જ નથી એવા નિર્દોષ ભાવે પાછી યાત્રા શરૂ કરીએ, એ છે સાચી વિશુદ્ધિ, સંપૂર્ણ સત્યનિષ્ઠા, એ વસ્તુ..... એક સમગ્ર એવી વૃદ્ધિ અને પૂર્ણતા લાવી આપે છે.

.....મારા સ્વરૂપમાં રહેલું કાંઈક, શબ્દો કરતાં પણ કાંઈ વધુ ગહન એવું, તારા પ્રત્યે તીવ્ર અભીપ્સા કરતું વળે છે..... આ બધાં તત્ત્વોનું, સ્વરૂપની આ બધી અવસ્થાઓનું તને અર્પણ કરે છે અને આર્તભાવે પ્રાર્થના કરે છે કે સર્વને પ્રકાશ મળી રહો.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુને યર્થાથ જાણવા) | ૩ | (ચૈતસિક અસ્તિત્વ) | ૩૦ |
| **શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય** (શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન) | ૪ | **વેદ-રહસ્ય** (અગ્નિનું સ્વરૂપ) | ૩૪ |
| **તો પછી હું શું ઝંખું છું ?** | ૭ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (પ્રભુ પ્રેમ સમજવો મુશ્કેલ છે) | ૩૭ |
| **માતૃવાણી** (સામૂહિક સાધના) | ૧૦ | **સર્વાંગી આરોગ્ય** (આંતરપ્રેરણાની પ્રાપ્તિ) | ૪૦ |
| **સાવિત્રી** (મુક્તિનું આશાકિરણ) | ૧૩ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (સાચો આરામ કરવાની પદ્ધતિ) | ૪૪ |
| **યોગ વિષે પત્રો** (યોગમાં બુદ્ધિનું સ્થાન) | ૧૬ | **આત્મસિદ્ધિ** (પૂર્ણયોગનો પરિણામ : સર્વદેશીય પૂર્ણતા) | ૪૬ |
| **વેદવિજ્ઞાન** (દેવોની ઉત્પત્તિ અને પ્રકાર) | ૧૮ | **સુંદર કથાઓ** (દયાભાવ) | ૪૮ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (રૂપાંતર અને વિશુદ્ધિ) | ૨૨ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **યોગ પર દીપ્તિઓ** (શુદ્ધ પ્રાણ) | ૨૫ | | |
| **ઉપનિષદો** (ઈશોપનિષદ) | ૨૮ | | |
| **સાંજના વાર્તાલાપો** | | | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૬ વર્ષ : ૨૪
ઑક્ટોબર - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**
સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુને યથાર્થ જાણવા

(પૃ.૧૬૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સાધકને વચ્ચે વચ્ચે વિવિધ અનુભૂતિઓ આવતી હોય છે. દર વખતે સત્યનું કોઈક નવું પાસું દર્શાવવામાં આવે છે અને તે પાસાની સમજણ આપવામાં આવે છે. તેથી સાધકે કાલાંતરે આ બધાંને સમગ્રતાથી જોઈ એક સમગ્ર સંકુલ, એવા સત્યનું દર્શન કરતા શીખવું પડે છે. આ સમગ્રતાનો ખ્યાલ લોકોને આપશો તો જ તેમને તે વસ્તુ સમજવામાં અનુકૂળતા આવે છે. બીજી વાત, કોઈપણ અનુભૂતિ આવતા પહેલા તેની બાબત કોઈ અગાઉથી ધારણા બાંધી રાખવી જોઈએ નહિ.

માનવી - મનને તદ્દન આથી ઊંધી ટેવ છે તે પોતાને કહેતું હોય છે કે હું આ રીતે સાધના કરીશ તો અંતે, મને આ પ્રકારની અનુભૂતિ નિશ્ચિત આવશે જ. આવી પૂર્ણ વિચારણા સત્યને સંપૂર્ણ રીતે સમજવામાં અવરોધો રચે છે. આપણે બધાં અનુભૂતિઓ આવી જાય પછી સમગ્રતાથી અભ્યાસીને તે પછી કોઈ સમગ્રતાની કલ્પના બાંધીએ તો તે કદાચ યોગ્ય ગણાશે.

તેથી સાધનામાં આપણે કોઈ પણ ધારણા બાંધ્યા વગર એક નિષ્પાપ બાળકની જેમ તદ્દન સશ્રદ્ધ બની આગળ વધવું જોઈએ, તેથી જ અનુભૂતિનો સાચો યથાર્થ અર્થ સમજી શકાશે. તેને જ વિશુદ્ધિ, નિષ્પક્ષપાતતા અને સત્યનિષ્ઠા કહેવામાં આવે છે. આ પ્રકારની ધારણા વગરની ખુલ્લી મનોભૂમિકા જ સાચી પૂર્ણતા મેળવવામાં આપણને મદદરૂપ થાય છે.

માતાજી જણાવે છે કે જ્યારે તેમનું મન શાંત, નિર્વિચાર, સ્તબ્ધ, મૌન, બનીને ફક્ત એક શુદ્ધ જાગરુકતા, સભાનતા, સજાગતા બાકી હોય છે ત્યારે પણ તેમના ગહન અસ્તિત્વમાં કોઈક તત્ત્વ પ્રભુને ઝંખતું હોય જ છે. તે પોતાને આવતી અનુભૂતિ પણ બરાબર સમજતું હોય છે અને સમર્પિતભાવે તને આરાધતું હોય છે. ત્યારે તેનો એક જ મૂક ભાવ હોય છે કે હે પ્રભુ, મારા સ્વરૂપની બધી અવસ્થાઓ, બધાં તત્ત્વોને તારો પ્રકાશ મળે, તારી સમજણ મળે અને તે પોતાને પ્રભુને સમર્પિત કરી દે. આ રીતે જ પ્રભુને જાણી શકાય છે.

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

(ગતાંકથી ચાલુ)

વિચારો, સંવેદનો, ક્રિયાઓ જ નહીં પણ દેહના એક એક કોષ, રક્તનું એક એક બિંદુ, સર્વનું સમર્પણ કે જેમાં પછી પોતાનું કશું જ ન રહે એવું સમર્પણ મનુષ્યદેહે કેવું હોય તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત શ્રી માતાજીએ આપણી સમક્ષ રજૂ કર્યું છે. શ્રી અરવિન્દ પ્રત્યેના શ્રી માતાજીના વ્યવહારમાં પ્રત્યેક ક્ષણે આ સમર્પણ ભાવના વ્યક્ત થતી હતી. પોતાના વ્યવહાર દ્વારા કશું પણ બોલ્યા વગર શ્રી માતાજીએ શ્રી અરવિન્દ સાથે રહેલા તેમના શિષ્યોને સમજાવી દીધું કે સહુએ શ્રી અરવિન્દ પ્રત્યે કેવી રીતે રહેવું જોઈએ. શ્રી અરવિન્દના નજીકના શિષ્ય શ્રીનલિનીકાન્ત ગુપ્ત પોતાના સંસ્મરણોમાં નોંધે છે કે ''શ્રી માતાજીએ આ વસ્તુ બદલી નાંખી, ગુરુ અને શિષ્યનો અર્થ શો છે, તે તેમણે વાણી અને વર્તન દ્વારા બતાવી આપ્યું. એ પોતે જે કંઈ કહેતાં હતાં તે તમામને તેઓ વ્યવહારમાં ઉતારી બતાવતાં હતાં. પોતે શ્રી અરવિન્દની સામે કે તેમના જેવા જ ઊંચા આસન પર ન બેસતાં, નીચે જમીન પર બેસતાં, પોતાના ગુરુ પ્રત્યે કેવો ભાવ બતાવવો જોઈએ, ગુરુ પ્રત્યે સાચો પૂજ્યભાવ શો, તે એમણે અમને આ રીતે બતાવી આપ્યું. શ્રી માતાજીએ અમારી આંખો ખોલી આપી.'' ફક્ત શિષ્યોને જ નહીં પણ સમગ્ર વિશ્વને શ્રી અરવિન્દનો સાચો પરિચય શ્રી માતાજી દ્વારા જ થયો.

**આર્યના પ્રકાશન દ્વારા શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય :**

૧૯૧૦ થી ૧૯૧૪ સુધીના ગાળામાં એકાંત સાધના દ્વારા શ્રી અરવિન્દે જે આધ્યાત્મિક જ્ઞાનભંડાર પ્રાપ્ત કર્યો હતો એ જ્ઞાન સમગ્ર જગતને માટે સુલભ બનાવવાનું કાર્ય શ્રી માતાજીએ કર્યું. શ્રી અરવિન્દ યુગપરિવર્તનની જે મહાન સાધના કરી રહ્યા છે, તેની જાણકારી સમગ્ર વિશ્વને હવે થવી જોઈએ એમ જણાતાં તેમણે શ્રી અરવિન્દના જ્ઞાનભંડારને વ્યક્ત કરવા માટે એક માસિક પ્રગટ કરવાની યોજના બનાવી. એ માટે શ્રી અરવિન્દની સંમતિ લઈને 'આર્ય' નામનું માસિક પંદરમી

ઑગસ્ટ શ્રી અરવિન્દના જન્મદિવસે પ્રકાશિત કર્યું. શ્રી અરવિન્દે પોતે 'આર્ય' વિષે જણાવ્યું હતું કે ''આર્ય'' એ મારા જગત માટેના કાર્યની બૌદ્ધિક બાજુ બનશે.

શ્રી અરવિન્દે સાધના દ્વારા જે સત્યો, રહસ્યોનો તાગ મેળવ્યો, અધ્યાત્મની જે ગહન અનુભૂતિઓ કરી, એ બધાંનું જ્ઞાન, ''આર્ય'' દ્વારા જ જગતને પ્રાપ્ત થયું. જો 'આર્ય' માસિક પ્રગટ ન થયું હોત તો શ્રી અરવિન્દનું અગાધ જ્ઞાન કદાચ આ રીતે ગ્રંથોમાં સુલભ ન બન્યું હોત. શ્રી અરવિન્દના મહાન ગ્રંથો - યોગ સમન્વય, દિવ્યજીવન, વેદરહસ્ય, માનવ એકતાનો આદર્શ, માનવ વિકાસચક્ર, ગીતા નિબંધો વેદ રહસ્ય, ઉપનિષદો : આ બધાં આર્ય દ્વારા જ પ્રાત થઈ શક્યાં છે. એ માટે સમગ્ર માનવજાત શ્રીમાતાજીની ઋણી રહેશે.

'આર્ય'ના પ્રકાશન અંગેની સઘળી જવાબદારી શ્રી માતાજીએ ઊઠાવી હતી. પોતે 'આર્ય'ના ગ્રાહકોની યાદી બનાવતાં. શરૂઆતમાં 'આર્ય'ના જે બસ્સો ગ્રાહકો હતા તેની નોંધ શ્રી માતાજીના સ્વ-હસ્તાક્ષરોમાં જોવા મળે છે. આર્યનો સઘળો હિસાબ તેઓ જ લખતાં. તેના છાપકામની વ્યવસ્થા પણ તેઓ જ કરતાં. આર્યની ઑફિસ શ્રી માતાજી જ્યાં રહેતાં હતાં એ ઘરમાં જ રાખવામાં આવી હતી. શરૂઆતમાં 'આર્ય' અંગ્રેજી અને ફ્રેન્ચ બે ભાષામાં પ્રગટ થતું હતું. શ્રી માતાજી અને એમના પતિ રિશાર ફ્રેન્ચ આવૃત્તિ સંભાળતા હતાં. સાત મહિના સુધી તો શ્રી માતાજીના હસ્તક આર્ય પ્રકાશિત થતું રહ્યું, પણ પછી પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં એમને ફ્રાન્સના કાયદા અનુસાર પૅરિસ પાછા જવાનું થતાં 'આર્ય'નો સમગ્ર બોજો એકલા શ્રી અરવિન્દ પર આવી પડ્યો. તેથી ફ્રેન્ચ આવૃત્તિ બંધ થઇ પણ અંગ્રેજી આવૃત્તિ ૧૯૨૧ સુધી ચાલુ રહી. તેમાં શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનને વહાવતાં અનેક પુસ્તકો એકસાથે પ્રગટ થતાં રહ્યાં. તેના પરિણામે લોકોને શ્રી અરવિન્દનો સાચો પરિચય મળ્યો કે તેઓ બ્રિટિશ સરકારની ધરપકડથી નાસીને પોંડિચેરીમાં છુપાઈ ગયેલા રાજકીય નેતા નથી, પણ તેઓ તો છે આધ્યાત્મિક જગતના નેતા કે જેમના દ્વારા દિવ્ય માનવજાતિના આગમનની ભૂમિકા રચાઇ રહી છે !

**શ્રી અરવિન્દની કાળજીભરી સંભાળ :**

માનવજાતિને જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુનાં બંધનો અને દુઃખોમાંથી મુક્ત કરવા માટે શ્રી અરવિન્દની સાધના હતી. મનની ચેતનાવાળી દુઃખોથી ત્રસ્ત માનવજાતિને પરમાત્માની પૂર્ણ ચેતનાથી સભર અમૃતત્વવાળી દિવ્ય

માનવજાતિમાં પલટાવવા માટે જે દેહ દ્વારા આ સાધના થઈ રહી છે, તે દેહની ખૂબ જ કાળજીભરી સંભાળ રાખવાની જરૂર હતી. એમની પ્રત્યેક જરૂરિયાતોનું બરાબર ધ્યાન રાખવાની જરૂર હતી. શ્રી માતાજીએ જોયું કે શ્રી અરવિન્દ એમના શિષ્યોની સાથે સમાન રીતે જ રહેતા હતા. ભયંકર આર્થિક તંગીના દિવસોમાં એમના શિષ્યો વારાફરતી રસોઈ બનાવતા અને રસોઈમાં પણ ભારે કરકસર કરવી પડતી. શ્રી અરવિન્દના શિષ્ય મોતીલાલ રૉયે લખ્યું છે કે ''આ ગાળામાં શ્રી અરવિન્દના રસોડામાં લૂચી (પૂરી) કે ખીચડી કદી રંધાઇ ન હતી કેમ કે એ માટેના પૈસા જ નહોતા.'' ઘરમાં કંઇ સરસામાન પણ નહોતો. એક ટેબલ ને બે ખુરશી. એમાં ટેબલ શ્રી અરવિન્દ લખવા માટે વાપરતા. એક બીજી ખુરશી મહેમાન માટે વપરાતી. એકથી વધારે મુલાકાતી હોય તો તેમને નીચે બેસાડવા પડતા. સૂવા માટે એક બાજુથી ફાટેલો એક કૅમ્પકોટ હતો, જેની સારી બાજુએ સાચવીને શ્રી અરવિન્દ સૂઇ જતા. એમના શિષ્યો નીચે ભોંયપથારી પર સૂઇ જતા. રાતે અજવાળા માટે બે દીવા હતા - એક કેરોસીનનો અને એક મીણબત્તીનો. એક રસોડા માટે અને બીજો શ્રી અરવિન્દ માટે. એમાંય જરૂર પડતાં રસોડામાં બીજો દીવો લઇ જાય ત્યારે શ્રી અરવિન્દ અંધારામાં બેસી રહેતા. ન્હાવા માટે ખુલ્લામાં નળ હતો. બધાં વારાફરતી ન્હાઇ લેતાં અને બધાં વચ્ચે એક જ ટુવાલ હતો. શ્રી અરવિન્દ પણ ખુલ્લામાં છેલ્લે ન્હાતા અને બધાએ વાપરેલા ભીના ટુવાલથી શરીર લૂછતા ! શિષ્યો જે કંઇ રસોઈ બનાવતા એ તેઓ આનંદથી જમી લેતા ! કોઇ વખત ભોજન સ્વાદિષ્ટ હોય તો કોઇ વખત બેસ્વાદ પણ હોય. ક્યારેક ગરમ હોય, ક્યારેક ઠંડું થઈ ગયું હોય, ક્યારેક વધારે, ક્યારેક ઓછું; બધું આનંદપૂર્વક સ્વીકારી લેતા. તેમણે તેમના શિષ્યોને સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષી હતી, એટલે શિષ્યો એમના સાન્નિધ્યમાં પોતાની મસ્તી મોજમાં આનંદથી રહેતા હતા અને શ્રી અરવિન્દ એમની સાથે હતા એટલે એમને કોઈ પરિસ્થિતિ સ્પર્શતી જ નહોતી, કેમ કે તેઓ તો યુગપરિવર્તનની મહાન સાધનામાં જ એકાગ્ર હતા. (ક્રમશઃ)

---

**એકત્વં અનુપશ્યતઃ (એકતાની સર્વકાળ સભાનતા)**

વ્યક્તિ સ્વરૂપ જીવે એકતાના દર્શન દ્વારા સર્વમય પ્રભુ સાથે વિસ્તાર પામી એકરૂપ થવાનું છે. આ ત્રીજા રૂપાંતરમાં, અતિમનસ રૂપાંતરમાં પ્રવેશવાનો સાચો માર્ગ છે.

# તો પછી, હું શું ઝંખું છું ?

-શ્રી અરવિન્દ

(ભાષાંતર - ઑરોમા - ઑક્ટો.-૨૦૦૧, સાભાર)

હું ઝંખું છું એક પ્રકાશ,
જે હશે નૂતન છતાં પુરાતન,
સાચે જ, તમામ પ્રકાશોમાં સૌથી પુરાતન.

હું ઝંખું છું એક સત્તા,
જે તમામ માનવીય સત્યોને
સ્વીકારે, ઉજાળે અને તેમની વચ્ચે સુમેળ સાધે
તેમ છતાં તે તમામને
માનવીય ક્ષતિ સમજાવીને
નકારે અને દૂર કરે.

હું ઝંખું છું એક મૂળ-લેખ અને એક શાસ્ત્ર,
જે સુધારા-વધારા, ફેરફાર અને
અદલા-બદલીને પાત્ર ન હોય,
જેને જીવાત અને ઉધઈ નષ્ટ કરી શકે નહિ,
જેને પૃથ્વી દાટી શકે નહિ
અને સમય જેને ખંડિત કરી શકે નહિ.

હું ઝંખું છું એક સંન્યાસ,
જે મને અહં અને અજ્ઞાનમાંથી
પવિત્રતા અને મુક્તિ આપે,
ઈશ્વર અને તેનાં સર્જનને
મિથ્યાત્વ પ્રદાન કર્યા સિવાય.

હું ઝંખું છું એક સંશયવાદ
જે દરેક વિશે પૃચ્છા કરે
પરંતુ જે સાચું હોવાની શક્યતા કદાચ હોય તેવા કશાને
નકારી નહિ કાઢવાની તેનામાં ધીરજ હોય.

હું ઝંખું છું એક બુદ્ધિવાદ
જેનો પ્રારંભ એવી બિનટકાઉ માન્યતાથી થતો નહિ હોય
કે ઓગણીસમી સદી સિવાયની
માનવીય ઇતિહાસની બધી સદીઓ
મૂર્ખામી અને વહેમની સદીઓ હતી
અને એક નવા હઠાગ્રહ, સંશોધનના અવરોધ
અને જુસ્સેદાર અસહિષ્ણુતા
કે જેને એ
સામાન્ય બુદ્ધિ કે પ્રજ્ઞા એવું નામ આપવું પસંદ કરે છે
તેના વડે સંશોધનને કુંઠિત કર્યા સિવાય
જેનો ઝોક સત્યની શોધ પર હોય;

હું ઝંખું છું એક ભૌતિકવાદ
જે ભૌતિકતાને પારખશે
અને તેનાં ગુલામ બન્યા વગર તેનો ઉપયોગ કરશે.

હું ઝંખું છું એક ગુહ્યવાદ
જે રહસ્યમયતા કે હાથ ચાલાકી વગર
કે પછી માનવજાતને
''હે માનવ, અંધ થા અને નીરખ !'' જેવા
મૂર્ખામીભર્યા જુનવાણી સાદ દીધા વગર
પોતાની તમામ પ્રક્રિયાઓ અને સાબિતીઓ
બહાર પાડી જગજાહેર કરશે.

ટૂંકમાં, હું નથી ઝંખતો
વિજ્ઞાન, ધર્મ અને તત્ત્વવિચાર
પરંતુ હું ઝંખું છુંઃ
વેદ - બ્રહ્મ અંગેનું સત્ય
માત્ર તેના તત્ત્વાર્ક વિષે નહિ
પરંતુ તેનાં આવિર્ભાવ, સર્જન સંબંધે;
જંગલ તરફના માર્ગ પરના એક દીપકને નહિ
પરંતુ આ જગતમાં કર્મ અને આનંદ પ્રત્યેના
એક પ્રકાશ અને પથદર્શકને,
એવા સત્યને, કે જે મત-મતાંતરોથી પર છે,
એવા જ્ઞાનને, કે જેને પ્રાપ્ત કરવા માટે
તમામ વિચારધારા પ્રયત્નશીલ છે, -
યસ્મિન્ વિજાતે સર્વ વિજ્ઞાતમ્ ।

તે વેદને હું સનાતન ધર્મનો આધાર માનું છું;
તેને હું માનું છું : હિન્દુત્વમાં રહેલી છૂપી દિવ્યતા -
પરંતુ એક બુરખો દૂર કરવો પડશે
એક પડદો ઉઠાવવો પડશે.

તેને હું 'જ્ઞેય' જાણી શકાય તેવું
અને 'પ્રાપ્ય' શોધી શકાય તેવું માનું છું.

હું માનું છું કે
ભારતનું અને જગતનું ભાવી
આની શોધ અને પ્રયોગ ઉપર આધાર રાખે છે,
જીવનના પરિત્યાગ માટેના પ્રયોગ પર નહિ
પરંતુ આ જગતના જીવનમાં -
માનવ મધ્યેના તેના પ્રયોગ પર.

(નિબંધો - દિવ્ય અને માનવ)
(ધી કંપ્લીટ વર્ક્સ ઑફ શ્રી અરૉબિન્દો, ગ્રંથ-૧૨, પાના નં. : ૬૧-૬૨)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

## સામૂહિક-સાધના

**(માતૃવાણી ભા.૯, પૃ.૨૬૫-૨૬૭) (તા.૨૧.૮.૫૭ના વાર્તાલાપ ઉપર આધારિત)**

પ્રકરણ - ૧૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

''માતાજી, આશ્રમ વધારે ને વધારે વિશાળ બનતો જાય છે પણ સાથે સાથે આશ્રમવાસીઓની સર્વ સામાન્ય ચેતના નીચે ઊતરતી જાય છે એમ લાગે છે. આનું કારણ શું?''

''બેટા, પહેલાં ગણ્યાગાઠ્યા લોકો જ હતા અને દરેક જણ પોતપોતાની સાધનાને ઊર્ધ્વગતિ આપવામાં જ મગ્ન હતાં. સાધના વ્યક્તિગત વધારે હતી, સામૂહિક ઓછી હતી. આશ્રમવાસીઓ માટે ખૂબ જ ઓછા એવા સર્વ સામાન્ય નિયમો હતા, પણ આપણા યોગમાં સામૂહિક-સાધનાનું અને સર્વ-સામાન્ય ચેતનાના ઉત્થાનનું પણ ઘણું મહત્ત્વ છે, કારણ ઉત્ક્રાંતિ સર્વ સામાન્ય - ચેતના પ્રગતિ કરે છે ત્યારે જ વિશાળપાયે શરૂ થાય છે.

જે સાક્ષાત્કારો થયાં તેમાં જ રચ્યાપચ્યાં રહેવું એ પ્રગતિ નથી. કદાચ તે અવનતિની શરૂઆત બની જાય છે. સતત પ્રગતિ, જૂના સાક્ષાત્કારોથી ઉપર ઊઠવું ખૂબ જ મહત્ત્વનું છે.

હવે સામૂહિક-સાધના માટેનો પાયો રચાઈ રહ્યો છે. આ નવી પરિસ્થિતિમાં સ્થિર થતાં પહેલાં ઘણાં દૂષણો જન્મશે. પણ આ તો સંક્રાંતિ-કાળનું લક્ષણ છે. આપણે નિર્માણ થતી સમસ્યાઓને આત્મવિશ્વાસથી નિવારવી પડશે. નવી પ્રગતિ કરવી પડશે. મૂળ તો આ પ્રક્રિયાને કારણે આશ્રમવાસી સાધકોની વ્યક્તિગત-સાધનામાં જે અવરોધો નિર્માણ થયા છે તેને કારણે આ સર્વસામાન્ય-ચેતના નિમ્નસ્તરે આવી ગઈ છે એવો ભાસ નિર્માણ કરે છે. ખરેખર તો સર્વસામાન્ય-સ્તર થોડુંક ઉપર આવ્યું છે, પણ વ્યક્તિગત-સાધનામાંની તીવ્રતા ઘટી ગઈ છે અને

સંઘર્ષ વધી ગયો છે. ખરેખર સમસ્યા વ્યક્તિગત-સાધનામાં છે.

જે વ્યક્તિ સચેતન હશે તે સર્વસામાન્ય-ચેતનાને સંઘર્ષ કરીને પણ ઉપર ઊઠાવશે. ખોટાં સૂચનો અને માન્યતાને તાબે નહિ થાય. તેમને બદલીને ઊર્ધ્વગતિ આપવા નેતૃત્વ પૂરું પાડશે. વ્યક્તિગત-સાધના અને સામૂહિક-સાધના વચ્ચે સુસંવાદ રચાવો જરૂરી છે.

આશ્રમના જીવનને સાચા અર્થમાં ગતિશીલ રાખવા માટે આ આવશ્યક છે.

સૂક્ષ્મજગતમાં આવું સતત દેખાય છે. જ્યારે તમે નવું કાંઈ સિદ્ધ કરવા પ્રયત્ન શરૂ કરો છો ત્યારે અત્યાર સુધી નિષ્ક્રિય રહેલાં તત્ત્વો અને બળો તેની વિરુદ્ધ સક્રિય બની અવરોધો સર્જે છે. આવી ઘટના વ્યક્તિગત તેમ જ સામૂહિક સ્તરે, બન્ને રીતે બને છે. મુશ્કેલીઓ વધતી લાગે છે, પણ મુશ્કેલીઓ વધી રહી છે તેનો અર્થ ત્યાં અતિમનસ-ચેતના કાર્ય કરી રહી છે એવો અર્થ લઈ શકાય. અતિમનસનો આવિર્ભાવ આ લેખમાં શ્રી અરવિંદ જણાવે છે કે અતિમાનસિક-અસરનો સ્પર્શ સમગ્ર માનવજાતિને થશે કે તે પરિવર્તન માટે તૈયાર થએલ અમુક ભાગો ઉપર, તે વસ્તુ તત્કાલીન વિશ્વની સમગ્ર સ્થિતિ ઉપર આધાર રાખશે - જે મૂળ ઈરાદો હતો તેની ઉપર અથવા જે શક્ય છે તેની ઉપર રહેશે.

'મૂળ ઈરાદો' એટલે સમગ્ર માનવજાતિ પરિવર્તન કરવા ઇચ્છે અથવા જગતની જન્મપ્રક્રિયાનાં ભાગીદાર બને - જે શક્ય છે તેની ઉપર એટલે વિશ્વની ઉત્ક્રાંતિની નૈસર્ગિક-પ્રક્રિયાને અપાય કર્યા વગર જેટલા પ્રમાણમાં અને જેટલા સ્થળે શક્ય હોય તે રીતે. ખરેખર તો બન્ને પર્યાય એક જ વસ્તુને જોવાના બે દૃષ્ટિકોણ છે. સમગ્ર પ્રક્રિયામાં સમક્ષિતિજ અર્થાત્ સર્વ દિશાએ ફેલાતા પ્રભાવના દૃષ્ટિકોણથી મૂળ ઈરાદો કેટલો સર્વવ્યાપી સ્વીકારાય છે તેનું દર્શન થાય છે. જ્યારે ઊર્ધ્વમાંથી અવતરણ પામતો સંકલ્પ કેટલે સુધી નિમ્નસ્તરે ઊતરે છે તે જોવાનો બીજો દૃષ્ટિકોણ છે.

'તો, માતાજી, વ્યક્તિગત-સંકલ્પ સક્રિય હોય કે નિષ્ક્રિય તેથી કોઈ તફાવત પડતો નથી એવો જ અર્થ થાય ને?'

''બેટા, જ્યાં સુધી મનોમય-ચેતનામાં હોઈએ, પછી તે કેટલી પણ ઊર્ધ્વ-કક્ષાની હોય છતાં, ત્યાં કાર્ય-કારણભાવ અને તાર્કિક-સુસંગતતાના આધારે જ શક્યતા તપાસવાની ટેવ હોય છે. પણ અતિમનસ-ચેતનામાં એક સર્વવ્યાપી

આયોજન અને સુસંગતતા દેખાવા માંડે છે, ત્યાં મૂળ-સંકલ્પ કેવી રીતે દરેક કાર્ય કરી રહ્યો છે, તેનું સ્પષ્ટ દર્શન થાય છે.

પ્રભુના સંકલ્પને કોઈ બંધન નથી પણ તે સ્વેચ્છાચારી હોતો નથી. તે સમગ્ર-સત્યનાં દર્શનસ્વરૂપ હોવાથી ત્યાં વિસંગતતા અને અવરોધ જણાતો નથી. એ અર્થમાં તે સંપૂર્ણ-સ્વતંત્ર અને મર્યાદાઓથી મુક્ત હોય છે. જેમ જેમ વિશ્વ ઉત્ક્રાંત થશે તેમ તેમ આ સમગ્રતાનું દર્શન વધારે ને વધારે સારી રીતે પ્રગટ થશે અને વધારે ને વધારે લોકો સમજશે પણ.

આજના તબક્કે તેને શબ્દોમાં પકડવાનો પ્રયત્ન કદાચ અનર્થ નિર્માણ કરે, વધારે ગૂંચવણો નિર્માણ કરશે.

પરમાત્મા જાણે પોતાની જ સમગ્રતાનું પોતાના જ પ્રતિબિંબનું ધ્યાન કરી રહ્યાં છે અને તે પ્રતિબિંબ પોતાની જ દેશ-કાળની મર્યાદાઓ વટાવીને વધારે ને વધારે પ્રગટ થઈ રહ્યું છે.

શ્રી અરવિંદનો જન્મ એક શાશ્વત-જન્મ છે.

''માતાજી, શાશ્વત-જન્મ એટલે શું?''

''બેટા, તેના શારીરિક, પ્રાણમય, માનસિક, ચૈતસિક અને આધ્યાત્મિક કક્ષાના જુદા જુદા અર્થ હોઈ શકે છે પણ તે બધાં સમગ્ર-સત્યનાં વિવિધ પાસાં-સ્વરૂપ હોય છે. તે અર્થ સંપૂર્ણ-અર્થ હોતો નથી, પણ આંશિક અર્થ હોય છે.

ભૌતિક અર્થ એ છે કે તે જન્મનાં પરિણામો પૃથ્વીનું ભૌતિક-અસ્તિત્વ છે ત્યાં સુધી તે ચિરકાળ ટકી રહેવાનો છે અને સમગ્ર પૃથ્વીના અસ્તિત્વમાં અનુભવાશે.

પ્રાણમય અને માનસિક અર્થ એ છે કે શ્રી અરવિંદના જન્મનાં પરિણામો લોકોની સ્મૃતિમાં ચિરકાળ રહેશે અને તેમનું નામ આદરથી લેવાશે.

ચૈતસિક અર્થ એ છે કે શ્રી અરવિંદનો આ કે તે સ્વરૂપે દર યુગે જન્મ થાય છે અને તેઓ યુગ-પ્રસ્થાપનાનું કાર્ય કરે છે.

આધ્યાત્મિક-અર્થ એ છે કે સનાતન પરમાત્મ-તત્ત્વનો જ તે જન્મ છે. પરમ-ચેતનાનો જ જન્મ છે.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## મુક્તિનું આશાકિરણ

પ્રકરણ - ૧૨૧

(Savitri B-1, C-4, P. 51)

An inarticulate whisper drives her steps
Of which she feels the force but not the sense;
A few rare intimations come as guides,
Immense divining flashes cleave her brain,
And sometimes in her hours of dream and muse
The truth that she has missed looks out on her
As if far off and yet within her soul.

શારીરિક ચેતનામાં ઘણી વખત આગળ વિકાસ કેમ કરવો તેનો આંતર-પ્રેરણાનો એક ઝબકારો થઈ જાય છે. જાણે તેના કાનમાં કોઈક કહી જાય છે, પણ તેના શબ્દો સંભળાતા નથી અને છતાં કાંઈક જણાવેલ છે એવું તો અનુભવાય જ છે. તે જાણકારીને લીધે શારીરિક-ચેતના એકદમ ઉત્સાહમાં આવી જાય છે. તેની શક્તિ નસેનસમાં વહેતી અનુભવાય છે અને છતાં ખરેખર જે સમજણ આપી છે, તેની પૂરેપૂરી સમજણ તેને મળી જ ગઈ છે તેની ખાતરી હોતી નથી (feels the force but not sense) પણ જે કાંઈ અધૂરી કે અસ્પષ્ટ સમજણ મળી છે તેના આધારે તે આગળ વધી જાય છે અને તેનો યોગ્ય પરિણામ દેખાશે એવી એક બાળસુલભ શ્રદ્ધા પણ ટકાવી રાખે છે. સર્વ સાધારણ પરિસ્થિતિ તો આવી જ હોય છે, પણ કોઈ વખત અપવાદાત્મક કિસ્સામાં સ્પષ્ટ સૂચનો (intimatious) પણ મળતાં હોય જ છે. જ્યારે તેનો પૂરેપૂરો અર્થ તત્કાળ સમજમાં આવી જાય છે અને તે વખતે શારીરિક-ચેતનાનું સ્થૂળ શારીરિક મગજ પણ દિવ્ય-પ્રકાશના ચમકારાઓથી ઝળહળતું બની ગયું હોય એવી અનુભૂતિ આવે છે અને તે

અનુભૂતિ કાયમી સ્વરૂપે મગજ ઉપર અંકાઈ જાય છે (cleave) તેને કારણે શારીરિક-ચેતનામાં કોઈક બાબતમાં વિકાસ થયો હોય એવું લાગે છે. દિવ્યતાએ જાણે કોઈ કાયમી પ્રવેશ મેળવ્યો હોય એવું લાગે છે ! ઘણી વખત તો જ્યારે શારીરિક-ચેતના પોતાની નિશ્ચિંતતાની સ્થિતિમાં હોય, આનંદમય ઉઘાડની સ્થિતિમાં હોય અથવા પોતાના સુંદર સપનાંઓમાં રમમાણ હોય ત્યારે (dream and muse) અત્યાર સુધી હાથતાળી આપી સંતાકૂકડી રમતું સત્ય અચાનક પોતે જ પ્રગટ થાય છે. પોતે જ પોતાની સમજણ આપે છે. તે સત્ય જાણે તેના પોતાના આત્માનું જ સત્ય છે એમ તેને આંતરિક-ખાતરી મળે છે (within her soul) અને છતાં તે સત્યની ભવ્યતા અનુભવતી વખતે તે કોઈ ખૂબ જ ઊર્ધ્વ પ્રદેશનું સત્ય છે એવું પણ લાગે છે (far off)

A change comes near that flees from her surmise
And, ever postponed, compels attempt and hope,
Yet seems too great for mortal hope to dare.

શારીરિક ચેતનામાં અચાનક બદલાવ આવવા માંડે છે. તેને કલ્પના પણ નહોતી કે આવાં ક્રાંતિકારક ફેરફાર તેમાં નજીકનાં ભવિષ્યમાં આવવાની શક્યતા છે (surmise) તે તો બીકનાં માર્યા કે અવઢવને કારણે તેવો બદલ કરવાનો પ્રસંગ આવતો ત્યારે તેને મુલતવી રાખતી (postponed) પણ આ વખતે તેનો મુલતવી રાખવાનો પ્રયત્ન ભાંગી પડ્યો. તેને એમ લાગ્યું હવે આના સિવાય અન્ય તરણોપાય નથી (compels attempt) અને પરિસ્થિતિ વિપરીત લાગવા છતાં આનો કોઈ સુખદ અંત આવશે, અપેક્ષિત પરિણામ દેખાશે તેવી આશા પણ બંધાવા લાગે છે (hope) અને આવી રીતે પ્રયત્ન કરી નાંખવા છતાં પોતે ગજા ઉપરાંતનું સાહસ ખેડી નાંખ્યું છે, આ વસ્તુ મરણશીલ માણસને કરવી શક્ય નથી એવા સતત ભણકારા વાગતાં હોય છે. શારીરિક-ચેતનાને પોતે પરાણે એ નિશ્ચિત કાર્ય કરવા અનિચ્છાએ પણ ધકેલાતી હોય એવું જ લાગતું હોય છે.

A vision meets her of supernal Powers
That draw her as if mighty kinsmen lost
Approaching with estranged great luminous gaze.
Then is she moved to all that she is not
And stretches arms to what was never hers.

અને હવે શારીરિક-ચેતનાને પોતાના પ્રયત્નો દ્વારા જ દિવ્ય-શક્તિઓ (Supernal - powers) કેવી રીતે કામ કરી રહી છે, તેની ધીમે ધીમે ખાતરી થવા માંડે છે. તેની સમજણ આવતી જાય છે (A vision meets) તે દિવ્ય-શક્તિઓ અદૃશ્ય રહીને જાણે શારીરિક-ચેતનાને નિશ્ચિત કાર્ય કરવા ધકેલતી હોય એમ લાગે છે. જાણે કોઈ મૃત્યુ પામેલા પૂર્વજો (kinsmen lost) પોતાનું ધન દર્શાવવા પોતાના વારસદારને પરાણે ધકેલતા ધકેલતા દાટેલા ધનનાં સ્થળે લઈ આવતા ન હોય ! અંતે શારીરિક-ચેતનાને આશ્ચર્યકારક અને તદ્દન અપરિચિત, (estranged) એવી પ્રકાશમય દૃષ્ટિ, જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જાણે ત્રીજું શિવ-નેત્ર ખીલતું લાગે છે અને ત્યારથી પોતાનું સાચું સ્વરૂપ તે ચેતના ઓળખતી થાય છે. તે હાલમાં તેવી નથી જ એ જાણવા છતાં પોતે ખરેખર પેલા દર્શન જેવી જ છે, એમ તેને લાગવા માંડે છે અને હવે શારીરિક ચેતના પોતાના જ અજ્ઞાત અને અપરિચિત પાસાંને આવકારવા તૈયાર થઈ જાય છે, તેને મેળવવા પ્રયત્નશીલ બને છે (strerches her arms)

હવે શારીરિક -ચેતનાને સમજાય છે કે તેનું મલિન, દોષપૂર્ણ, દુઃખ અને યાતનામય અસ્તિત્વ એ તો તેની વિકૃત પરિસ્થિતિ છે. એ તો રોગિષ્ઠ અવસ્થા છે. પોતાનું સાચું સ્વરૂપ તો તદ્દન જુદું જ છે. તે પ્રભુનું મૂક સેવક છે અને પ્રભુના આવિર્ભાવનું મુખ્ય માધ્યમ છે, આધાર છે. તેનું પ્રભુના કાર્યમાં અનન્ય મહત્ત્વ છે. પોતે મુક્તિની અધિકારી નથી એ તેનો ભ્રમ છે. પ્રભુના આનંદમાં તે સહભાગી થઈ શકે છે અને પ્રભુનું વાહક બની શકે છે. આ જ તેનું સાચું દિવ્ય-સ્વરૂપ છે એની તેને ખાતરી થાય છે.

---

## સાક્ષાત્કાર અને પૂર્ણ સાક્ષાત્કારનો અર્થ

(શતાબ્દી એડી - ભા. ૨૩ - પૃ.૮૭૯, ૮૮૪, ૮૪૫)

ઈશ્વર, વિશ્વચેતના અથવા દિવ્યપ્રકૃતિ આપણા આંતર જીવન અને આંતર સ્વરૂપનો અમુકકાળ માટે અવિભાજ્ય ભાગ બની રહે એનું નામ સાક્ષાત્કાર છે. તે બાહ્ય ચેતના અને બાહ્યજીવનનો ભાગ બની શંકાથી પર, જીવંત અને નિકટતમ વસ્તુ બની જતી હોય છે. આંતર સ્વરૂપ જાગૃત થયા સિવાય સાક્ષાત્કાર શક્ય બનતો નથી. પૂર્ણ સાક્ષાત્કાર એટલે ઉપરની વસ્તુઓ સમગ્ર જીવન અને સમગ્ર સ્વરૂપનો કાયમી ભાગ બની રહેવો.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# યોગમાં બુદ્ધિનું સ્થાન

(ભા.-૧, પૃ.૧૭૩-૧૯૩)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

માણસ પોતામાં સત્ય ધારણ ત્રણ રીતે કરી શકે છે :

૧ પોતાના મનને શાંત, નીરવ કરી દેવું જેથી મહત્તર ચેતના તેની દ્વારા પોતાને પ્રગટ કરી શકે.

૨ મનને શાંત, નીરવ કરીને સત્યના પ્રકાશને પોતામાં ધારણ કરવો અને તે જેની અભિવ્યક્તિ પોતે જ કરે તેને સત્ય તરીકે સ્વીકારવું.

૩ મનને શાંત, નીરવ કરીને પ્રકાશમય મન તરીકે વિકસાવવું અને તેને દિવ્ય-જ્ઞાનાર્જનના સાધન તરીકે વિકસાવવું.

પણ આ ત્રણે પૈકી એક વસ્તુ વિકાસ ન પામે ત્યાં સુધી શ્રદ્ધા અને ખંતથી તેનો અભ્યાસ કરતા રહેવાની જરૂર છે.

માણસ શંકા-કુશંકાઓથી મુક્ત થઈ શકે છે. તેના બે માર્ગ છે :

૧ ચૈત્યપુરુષનો વિકાસ કરી તેને અગ્રભાગે લાવવો અને મન, પ્રાણ, શરીરને તેના સંપૂર્ણ નિયંત્રણ નીચે મૂકવાં.

૨ ચેતનાની પ્રકાશમય વિશાળતામાં પોતાને ઓગાળી નાખવો. તે પ્રકાશમય વિશાળતામાંથી જ અવનવા દર્શનો રચાઈને તમને સમજણ આપવામાં આવશે.

લોકોને અપેક્ષા છે કે આ બધું સાધના વગર અનાયાસે મળી જવું જોઈએ પણ તે એક વાંઝણી કલ્પનામાત્ર છે. પ્રભુની પ્રાપ્તિ માટે તપસ્યા જરૂરી છે.

વ્યક્તિ માત્ર પોતાના માનસિક-બંધારણ અને મનોમય-પસંદગીઓની મર્યાદામાં જ વિચાર કરી શકે છે. અધ્યાત્મમાં એક જ્યોતિર્મય-શ્રદ્ધાનો સાક્ષાત્કાર થાય છે તે બુદ્ધિથી-તર્કથી નિર્ણય લેતી નથી પણ આંતરપ્રેરણાને અનુસરી વિવેક કરે છે. તે આંતરપ્રેરણા દ્વારા પ્રભુનો સંપર્ક સાધી શકે છે. તેમની હાજરી અને પ્રકાશ પ્રત્યક્ષ રીતે

અનુભવી શકે છે. પણ આ સ્થિતિ પહેલા આવેલી અનુભૂતિઓ આવે છે અને પાછી ચાલી જતી હોય છે. અનુભૂતિથી મેળવેલ જ્ઞાન પણ ભૂલાઈ જવાય છે. અનુભૂતિ કાલાંતરે ફરી આવીને યાદી આપે છે. આમ, આપણી ચેતનામાં ધીમેધીમે વિકાસ સધાય છે.

પ્રભુ મનથી, બુદ્ધિથી જાણી શકાતા નથી. પ્રભુ જો બુદ્ધિ કરતાં શ્રેષ્ઠ હોય તો બુદ્ધિએ પોતાની મર્યાદાઓ સમજીને રહેવું જોઈએ. તે ક્ષેત્રમાં પોતાની મહત્તા સ્થાપવાનાં ફાંફાં ન મારવાં જોઈએ.

આત્મા અને બુદ્ધિ બન્ને એક જ વસ્તુ નથી. તેમની વચ્ચેનો તફાવત આપણે સમજી લેવાનો છે.

આનો અર્થ એમ નથી કે બુદ્ધિનું અધ્યાત્મમાં કોઈ સ્થાન નથી. બુદ્ધિ જો ઊર્ધ્વપ્રકાશ પ્રત્યે ખુલ્લી થાય તો તે ઘણી મદદરૂપ બની શકે છે. તેણે પોતાનું સમર્પણ કરવાની જરૂર છે. યોગની શરૂઆત થઈ ત્યારથી બધા જ યોગીઓ આમ કરતા રહ્યાં છે.

યોગમાં આપણે સત્ય અને અસત્યનો વિવેક તો કરવો જ પડે છે. બુદ્ધિએ તે કાર્ય આંતરિક-પ્રેરણાઓને સમર્પિત થઈને કરવાનું રહે છે.

આપણો અંતરાત્મા પ્રભુને ઝંખતો જ હોય છે. બુદ્ધિએ, મન અને પ્રાણે તે ઝંખના સ્વીકારવાની જરૂર છે.

પણ બુદ્ધિ, મન, પ્રાણને આનંદ મળે તો તેઓ રસ લેતા થાય છે. આ આનંદ શું વસ્તુ છે?

યોગીઓનો અનુભવ છે કે જ્યારે અસીમ પ્રકાશ આપણા સ્વરૂપમાં પ્રવેશે છે ત્યારે જ આંતરિક-આનંદ પ્રગટ થાય છે. તે પ્રભુનો પ્રકાશ હોય છે. પણ પ્રભુ પોતે તે પ્રકાશ કરતાં પણ ઘણું બધું વધારે છે. પ્રભુ તો શાંતિ, જ્ઞાન, પ્રેમ, સૌંદર્ય, સંવાદ, વિશાળતા, નિર્લેપતા, મુક્તિ વગેરે આનંદ ઉપરાંત ઘણાં પાસાં ધારણ કરે છે.

અધિમનસ કક્ષાએ પ્રભુ કૃષ્ણરૂપે પોતાનો આનંદ, શિવરૂપે શાંતિ, દિવ્યજ્ઞાનરૂપે મા ભગવતી તરીકે પ્રગટ થાય છે. આમ, વિવિધ દેવતાઓ પ્રભુનાં વિવિધ પાસાં પ્રગટ કરે છે, પ્રભુ તો સર્વસ્વ છે.

પ્રભુ નિરાકાર-અવસ્થામાં પણ ઠંડા કે શુષ્ક નથી.

સારાંશ, બુદ્ધિને સુસંસ્કૃત કરીને યોગમાં વાપરી શકાય છે પણ તેનું સ્થાન આંતર-સ્ફુરણાથી નીચેનું જ રહેવાનું છે. તે માનવના જ્ઞાનાર્જનનાં અનેક કરણો પૈકી મધ્યાવસ્થામાં ઉપયોગી એક કરણ છે. તેનાથી જેમ નિમ્નકરણો છે તેમ તેનાથી શ્રેષ્ઠકરણો પણ છે.

# દેવોની ઉત્પત્તિ અને પ્રકાર

પ્રકરણ - ૨૨ (ગતાંકથી ચાલુ)

બ્રહ્મતત્ત્વ શાંત, સ્થિર, સર્વવ્યાપી સનાતન ચેતનાસ્વરૂપ છે. તેનાં બે અભિન્ન પાસાં છે : ૧) જ્યોતિ (પ્રકાશમયત્ત્વ) ૨) વર્ચસ્ (શક્તિ). તેમાં અનંતરૂપે પ્રગટ થવાનો સંકલ્પ સ્ફુર્યો (એકો અહમ્ બહુસ્યામ) પણ આ વિવિધતા પણ દરેક સ્વરૂપમાં પોતાની પૂર્ણતાને પ્રગટ કરવાના સંકલ્પ સાથેની હતી, તેથી બ્રહ્મતત્ત્વના એક અંશમાં સંકલ્પ સ્ફુર્યો. તેથી તે જે અખંડ, અવિભાજીત બ્રહ્મશક્તિ તે અદિતિ, વિવિધતા રચનારી બ્રહ્મશક્તિ તે દિતિ.

બ્રહ્મતત્ત્વની અખંડતાના ભાન સાથે સ્વરૂપો રચાયાં. તે અદિતિપુત્ર દેવો. વિવિધતાના ભાન સાથે સ્વરૂપો રચાયાં તે દિતિ પુત્ર દૈત્યો. આ બન્ને શક્તિઓ અનિર્વચનીય બ્રહ્મતત્ત્વની શક્તિઓ હતી, તેથી અદિતિ અને દિતિ બન્નેને કશ્યપની પત્નીઓ ગણવામાં આવી. કશ્યપ એટલે અનિર્વચનીય જેનું કોઇ વર્ણન કરી શકે તેમ નથી. તે બ્રહ્મતત્ત્વ અદિતિમાં પ્રથમ સુપ્ત સર્જનશક્તિ હતી તેને 'નિઋતિ' કહે છે. તેની સુપ્ત ક્ષમતાને માતરિશ્વા કહે છે.

અદિતિમાંથી સક્રિય સર્જનશક્તિ પ્રગટ થઈ તે પાંચ શક્તિ સ્વરૂપે વિભાજીત થઈ :

૧. ગ્રહણશક્તિ સ્વરૂપે (પ્રાણ) તેનું નામ 'ઇન્દ્ર'

૨. પ્રગટીકરણ શક્તિ સ્વરૂપે (અપાન) તેનું નામ 'વાયુ' અથવા 'મરુત્'

૩. સંગ્રહશક્તિ સ્વરૂપે (વ્યાન) તેનું નામ 'વરુણ'

૪. સર્જનશક્તિ સ્વરૂપે (ઉદાન) તેનું નામ 'અગ્નિ'

૫. વિસ્તરણશક્તિ સ્વરૂપે (સમાન) તેનું નામ 'બૃહસ્પતિ'

આ પાંચે શક્તિઓ વિવિધ તબક્કાઓમાં અને સ્વરૂપો દ્વારા (ક્ષેત્રોમાં) પ્રગટ

થાય છે તે નીચે મુજબ :

(૧) ઈન્દ્ર - (પ્રાણ) ગ્રહણશક્તિ સમજણશક્તિ સ્વરૂપે પ્રગટ થઈ તેને સરસ્વતી કહે છે. તે આંતરપ્રેરણા તરીકે પ્રગટ થાય છે ત્યારે તેને ‘સારમા’ કહે છે. તે ત્રણ કાર્યો કરે છે :

(૧) સમજણ વધારવાની ક્ષમતા તેને પ્રતિભા કહેવાય છે.

(૨) પ્રકૃતિને શુદ્ધ કરવાની ક્ષમતા તેને મેધા કહેવાય છે.

(૩) નવસર્જનની ક્ષમતા તેને પ્રજ્ઞા કહેવાય છે.

આ ત્રણેના પ્રારંભિક તબક્કાને ઉષા કહે છે. પોતાના એક જ સ્તરે તેનો વિસ્તાર તેને ‘ઈલા’ કહે છે અને આસપાસનાં સ્તરોમાં વિસ્તાર તેને ‘મહિ’ કહે છે.

(૨) વાયુ (અપાન) તે આવિર્ભાવની શક્તિ તરીકે પ્રગટ થાય છે. તેનાં ચાર કાર્યો હોય છે :

૧. **વૃદ્ધશ્રવા :** વધુ આવિર્ભાવક્ષમતા આપી પ્રગટીકરણમાં વધારો કરે છે.

૨. **અશ્વિનીકુમાર :** જે આવિર્ભાવ કર્યો તેને પોષણ આપી ટકાવી રાખવાની ક્ષમતા. તે જાળવણીનું કાર્ય કરે છે.

૩. **અરિષ્ટનેમિ :** જે આવિર્ભાવ કર્યો તેનું સંરક્ષણ કરવાનું કાર્ય કરે છે.

૪. **તાર્ક્ષ્ય :** વિવિધકક્ષાએ આવિર્ભાવ પ્રક્રિયાનો આરંભ કરવાની ક્ષમતા ધરાવે છે.

(૩) **વરુણ (વ્યાન) :** આ સંગ્રહશક્તિ સ્વરૂપ છે. તે પ્રગટ થયા વગર જ જીવનનું નિયમન કરવાની ક્ષમતા, જીવનને અભાનરીતે સંચાલિત કરવાની ક્ષમતા ધરાવે છે તે ક્ષમતાને ‘યમ’ કહે છે.

(૪) **અગ્નિ (ઉદાન) :** આ સર્જનશક્તિ સ્વરૂપ છે. તે પોષણ આપી નવસર્જન કરે છે. તેથી તેને ‘પુષન્’ પણ કહે છે. તેની ત્રણ અવસ્થાઓ હોય છે :

૧. **સૂર્ય** - કાયમી સ્વરૂપે પ્રગટ રૂપે પોષણ આપવાની ક્રિયા કરવી.

૨. **વિદ્યુત** - પ્રાસંગિક રીતે પ્રગટ થઈ પોષણ આપવાની પ્રક્રિયા કરવી.

૩. **અગ્નિ** - ગુપ્ત રીતે અપ્રગટ રહીને પોષણ આપવાની ક્રિયા અપ્રત્યક્ષ રીતે કરવી.

તેના પરિણામ સ્વરૂપ ત્રણ પરિણામો નિર્માણ થાય છે :

૧. **ભગ** - આત્માનંદ પ્રગટ થઈ સ્થાયી થવા માંડે છે.

૨. **સોમ** - માનસિક આનંદ, શાંતિ પ્રગટ થવા માંડે છે.

૩. **અર્યમા** - મુક્તિનો અનુભવ થાય છે.

(૫) **બૃહસ્પતિ (સમાન) :** આ વિસ્તરણશક્તિ તરીકે પ્રગટ થાય છે. તે બે રીતે કાર્યનો વિસ્તાર કરે છે :

**૧. ત્વષ્ટા** - નવા ઘાટ કે યોનિ રચવી.

**૨. પ્રજાપતિ** - તે ઘાટ અથવા યોનિને પૂર્ણતા બક્ષવી.

સારાંશ, આત્માની વિવિધ - ક્ષમતાઓ જગતના આવિર્ભાવ પ્રક્રિયામાં કેવી રીતે પ્રગટ થઈ તેનું પૃથ્થકરણ કરીને વૈદિક ઋષિઓએ દરેક ક્ષમતાને એક-એક દેવી-દેવતાનું નામ આપેલ છે. આ બધી આત્માની જ ક્ષમતાઓ છે અને સાથે જ રહી પોતાનું કાર્ય કરે છે. તેમના સામૂહિક નામને 'વિશ્વદેવો' કહ્યાં છે.

તે ક્ષમતાના પ્રકાશમય પાસાને દેવોના નામ આપેલાં છે અને શક્તિમય પાસાને પ્રાણશક્તિનાં નામો (પ્રાણ અપાન વગેરે) આપેલાં છે. આ બન્ને પાસાં અભિન્ન છે અલગ થતા નથી. ફક્ત પ્રગટીકરણમાં વધુ ઓછા અનુભવાય છે.

દેવ - તેમનું પ્રાગટ્ય સૃષ્ટિનું સર્જન, સંચાલન, વિસ્તરણ, વિકસન કરવા કરેલ છે. તેમાં અવક્રાંતિ અને ઉત્ક્રાંતિ એવા કાર્યના બે તબક્કા છે.

આ દૈવી સ્વરૂપોએ જે ચેતનાની વિવિધ કક્ષાઓ રચેલી છે તે નીચે મુજબની છે :

૧. **વૈશ્વિક કક્ષાઓ** - આ ત્રણ છે. (૧) ઈશ્વર = વૈશ્વિક કારણ શરીર દ્વારા પ્રગટ થતી ચૈતસિક અને આધ્યાત્મિક ચેતના (૨) હિરણ્યગર્ભ વૈશ્વિક સૂક્ષ્મ શરીર દ્વારા પ્રગટ થતી મનોમય, પ્રાણમય ચેતના. (૩) વિરાટ = વૈશ્વિક સ્થૂળ શરીર દ્વારા પ્રગટ થતી શારીરિક, ભૌતિક ચેતના.

૨. **વ્યક્તિગત કક્ષાઓ** - આ વૈશ્વિક કક્ષાનાં અવિભાજ્ય અંશ સ્વરૂપ જ હોય છે તેના પણ ઉપર મુજબ ત્રણ પ્રકાર પડે છે :

(૧) **પ્રાજ્ઞ** - વ્યક્તિગત કારણ શરીર દ્વારા પ્રગટ થતી ચૈતસિક, આધ્યાત્મિક ચેતના તેમાં પ્રજ્ઞા પ્રગટ સ્વરૂપે હોવાથી તેને પ્રાજ્ઞ કહે છે.

(૨) **તેજસ** - વ્યક્તિગત સૂક્ષ્મ શરીર દ્વારા પ્રગટ થતી મનોમય, પ્રાણમય

ચેતના. તે પ્રકાશસ્વરૂપ હોવાથી તેને તેજસ કહે છે.

(૩) **વૈશ્વાનર** - વ્યક્તિગત સ્થૂળ શરીર દ્વારા પ્રગટ થતી શારીરિક, ભૌતિક ચેતના તેમાં ઉપરની બન્નેનો સમાવેશ થવાથી તેને વૈશ્વાનર કહે છે.

દેવતાઓની સૃષ્ટિની જેમ જ અદિવ્ય-શક્તિઓએ રચેલી આસુરી સૃષ્ટિ છે. તે જ પ્રકારે દિવ્ય અને અદિવ્ય - શક્તિઓના સંમિશ્ર પરિણામ સ્વરૂપે પણ બે સૃષ્ટિઓ રચાઈ છે. તેમાંની ભૌતિક શરીરધારી સૃષ્ટિને પ્રાણીઓની સૃષ્ટિ અથવા માનવ-સૃષ્ટિ કહી છે અને ભૌતિક શરીર છોડીને સૂક્ષ્મ શરીરમાં રહેનારાઓથી પિતૃ-સૃષ્ટિ રચાઈ છે. આમ, ચાર પ્રકારની સૃષ્ટિ રચાઈ છે :

(૧) દિવ્ય સૃષ્ટિ દેવતાની

(૨) અદિવ્ય સૃષ્ટિ અસુરોની

(૩) સંમિશ્ર ભૌતિક સૃષ્ટિ માનવોની

(૪) સંમિશ્ર અભૌતિક સૃષ્ટિ - પિતૃઓની

માનવમાં પણ જીવતા જ જેમણે બ્રહ્મતેજ ધારણ કરી પ્રગટ કરવાની શરૂઆત કરી હોય તેમને વેદો અર્ધ-દેવ ગણે છે. તેમાં વેદકાળનાં પ્રખ્યાત વિભૂતિઓનો સમાવેશ કરેલ છે.

આ બધી જ સૃષ્ટિઓથી સપ્તલોક વ્યાપ્ત છે.

વેદોમાં બે દેવો કે દેવીઓ. એકબીજાને પૂરક કાર્ય કરતા હોય તો તે બન્ને ભાઈ છે, ભાઈ બહેન છે, પતિપત્ની છે, પિતાપુત્રી છે એવા સંબંધો દર્શાવેલાં છે. એકના કાર્યમાંથી બીજાનું કાર્ય શરૂ થતું હોય તો તેમને પિતાપુત્ર કે પિતાપુત્રી તરીકે વર્ણવ્યાં હોય છે. જો બન્નેકામ સાથે ચાલતા હોય તો ભાઈભાઈ ગણાવ્યાં છે. જો એક દેવતા કાર્યને બીજી દેવી મદદમાં આવતી હોય તો તેમને પતિપત્ની ગણાવ્યાં છે. આ રૂપકો સમજી લેવા જરૂરી છે.


**રાજકોટ કેન્દ્રનું નવું પ્રકાશન**

શ્રી અરવિન્દના ઉપનિષદસ્ ઉપર આધારિત. મૂળ સંદર્ભો સાથેનું

**ઉપનિષદ - રહસ્ય**

હાર્ડ બાઉન્ડ, જેકેટ સાથે, પૃ.સંખ્યા.૪૧૬ લે. માનસિંહ ચાવડા

કિંમત રૂા. ૨૫૦/- પ્રકાશિત થઈ ગયું છે. - **ટ્રસ્ટી મંડળ**

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૭
(પૃ.૧૧૦-૧૧૧)

## રૂપાંતર અને વિશુદ્ધિ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 People are using the word supramental for anything above the mind. P. 110

2 Psychic is ordinarily used in the sense of anything relating to the inner movements of the consciousness... anything phenomenal in the psychology... I have made a special use of it, relating it to the Greek word psyche meaning soul. P. 111

3 The ascent of the Kundalini... not its descent, so far I know... is one of that corresponds in our Yoga. P. 111

4 (In our Yoga) This is not necessarily through the chakras but often felt in the whole body. P. 111

5 Similarly, the descent of the higher consciousness is not felt necessarily or usually through the chakras, but as occuping the whole head, neck, chest, abdomen, body. P. lll

શ્રી અરવિન્દે 'અતિમનસ' અને 'અતિમાનસિક' આ બંને શબ્દો પોતાના પૂર્ણયોગમાં પ્રથમ જ વાપર્યા અને તેનો સ્પષ્ટ અર્થ પણ પ્રસંગોપાત સમજાવ્યો છે. પણ લોકો પોતાની સર્વસાધારણ સમજણ મુજબ અતિમનસનો અર્થ મનોમય ચેતના ઉપરની કોઈ પણ ચેતનાનું સ્તર એવું લેવા લાગ્યાં. મનોમય ચેતનાની ઉપર આંતર-પ્રેરણાત્મક, અધિમનસ એવા સ્તરો છે, જેમને શ્રી અરવિન્દે મનોમય સ્તરનાં જ પ્રકાર ગણાવેલ છે. પણ લોકો મનોમય ચેતના એટલે રોજિંદી અનુભવાતી વિચારપ્રધાન, ચિંતનપ્રધાન, આયોજન કરવાની ક્ષમતાયુક્ત ચેતના એવો લઈને

તેમનાથી ઉપર અને અલગ આંતરપ્રેરણાત્મક અને અધિમનસ સ્વતંત્ર કક્ષા છે એમ માની તેમને અતિમનસનો નિમ્ન પ્રદેશ સમજવાની ભૂલ કરે છે.

તેવી જ ભૂલ ચૈતસિક ચેતના (psychic) માટે પણ કરે છે. મનોમય ચેતનાની, માનસશાસ્ત્રની કોઈ પણ ઘટનાને તે ચૈતસિક ચેતના ગણે છે. શ્રી અરવિન્દે મનોમય ચેતનાથી અલગ એવી વ્યક્તિગત આત્માની ચેતનાને "psychic" તરીકે ઓળખાવેલ છે. તેમણે તે શબ્દ ગ્રીક ભાષામાંના ''Psyche'' શબ્દ ઉપરથી લીધો છે જેનો ગ્રીક ભાષામાં અર્થ થાય છે - વ્યક્તિગત આત્મા.

તેવી જ ગેરસમજ ચેતનાનાં અવતરણ અતે આરોહણની ઘટના બાબત બની છે. ભારતીય લોકોએ ચેતનાના આરોહણને કુંડલિની-શક્તિના આરોહણ તરીકે લીધું છે. ભારતીય તંત્રમાં કુંડલિનીના આરોહણની એકથી એક ઊર્ધ્વ યોગ-ચક્ર દ્વારા થતાંનું વર્ણન વિગતવાર જોવા મળે છે, પણ શ્રી અરવિન્દ કુંડલિનીનું ઊર્ધ્વારોહણ અને પૂર્ણયોગમાં ચેતનાનું આરોહણના સ્વરૂપમાં તફાવત છે એમ જણાવે છે.

કુંડલિની-યોગમાં યોગી પોતાના યોગ-ચક્રોમાં ક્રમે ક્રમે એકાગ્રતા કરતો જાય છે અને વ્યક્તિગત-ચેતના સ્વરૂપ કુંડલિની-શક્તિને તે ચક્રમાં આરોહણ કરાવતો જાય છે. દરેક ચક્રનો પ્રકાશ રંગ જુદો જુદો તે ગણે છે. તે માટે મતમતાંતરો જોવા મળે છે પણ સાત યોગચક્રોના સાત પ્રકાશ - રંગોનો ક્રમ નીચેથી - જાંબલી, લાલ, કેસરી, લીલો, ઘાટો નીલો, આકાશી અને શ્વેત કપૂર જેવો છે અને નીચેથી યોગ-ચક્રોનો ક્રમ મૂલાધાર-સ્વાધિષ્ઠાન-મણિપુર-અનાહત-વિશુદ્ધિ-આજ્ઞા અને સહસ્રાર છે.

ખરેખર તો, ચેતનાના અમુક નિશ્ચિત સંખ્યાનાં આંદોલનોને જ ખાસ યોગચક્ર સ્વીકારે છે. ચેતના પ્રકાશમય હોવાથી તે આંદોલન પ્રકાશનાં થવાથી તે આંદોલન સંખ્યા મુજબના નિશ્ચિત પ્રકાશ-રંગોનો અનુભવ યોગીને દરેક ચક્રમાં આવતો હોવાથી તેઓ દરેક ચક્રના પોતાના પ્રકાશરંગની વાત કરતા હોય છે.

યોગીને નિશ્ચિત સંખ્યાનાં ચેતનાનાં આંદોલનો નિર્માણ સીધેસીધા કરવા અશક્ય લાગવાથી તે જે તે પ્રકાશ-રંગનું ધ્યાન કરી તેની સાથે એકરૂપતા સાધે છે અને આ એકરૂપતા જ ચેતનાના નિશ્ચિત-સંખ્યાનાં આંદોલનો નિર્માણ કરે છે.

આપણે આવા વિવિધ આંદોલન-સંખ્યાની ચેતનાની સ્થિતિને જ વિવિધ ચેતના પ્રકારો તરીકે ઓળખીએ છીએ. મનોમય-ચેતના, પ્રાણમય-ચેતના, સૂક્ષ્મ પાર્થિવ-ચેતના, સ્થૂળ ભૌતિક-ચેતના; આ બધા પ્રકારો ઉપર મુજબના સિદ્ધાંતોનુસાર પડેલા છે. મૂળ ચેતના  તો એક જ છે જેમને તાંત્રિકો 'પરાંબા' કહે છે. તેના વિવિધ સંખ્યાનાં

આંદોલનોની સ્થિતિ એ જ વિવિધ-ચેતના પ્રકારો બને છે.

સારાંશ, કુંડલિની-યોગમાં યોગી પોતે પોતાના મનોમય સંકલ્પથી દરેક યોગ-ચક્રમાં તેની સંબંધિત ચેતનાની અવસ્થા રચે છે. આમ, ધીમે ધીમે તે આંદોલન સંખ્યા વધારતો જ જાય છે અને અંતે, સહસ્રારમાં પહોંચી જાય છે.

આંદોલનોની સંખ્યા જેમ વધતી જાય છે તેમ યોગીને તે ચેતના સ્થિર-અચલ થયેલી અનુભવાય છે. વિજ્ઞાન પણ આ ઘટનાઓ હવે માન્ય કરે છે.

સારાંશ..... આ કુંડલિની-યોગમાં નીચેની વિશેષતા છે :

૧ આમાં તંત્રને નિશ્ચિત પદ્ધતિ કે technique ને જ વધુ પ્રાધાન્ય છે.

૨ આમાં યોગી પોતે યોગ-ચક્રોની અંદર જ યોગિક ક્રિયાઓ કરે છે. તેની બહારની ચેતનાને તે ધ્યાનમાં લેતો નથી.

૩ કુંડલિની-યોગમાં વ્યક્તિગત પ્રાણ વ્યક્તિગત પ્રાણમય-ચેતનાના આધારે જ યોગી પોતાની ચેતનાને નિશ્ચિત ક્રમમાં ઊર્ધ્વારોહણ કરાવે છે. આમાં વ્યક્તિગત પ્રયત્ન ઉપર વધારે ઝોક હોય છે.

૪ યોગી આ કુંડલિની-યોગમાં પોતાની કરોડરજ્જુના સૂક્ષ્મપ્રદેશમાં જ (સુષુમ્ણા નાડીમાં જ) પોતાની ચેતનાને વિવિધ ચેતનાની કક્ષાઓ વટાવતો અનુભવે છે. આ બધી ઘટનાઓ સૂક્ષ્મ શરીરમાંની હોય છે. યોગ-ચક્રો એ સૂક્ષ્મ શરીરમાંનાં જ વિવિધ ચેતના-કેન્દ્રો છે. તે કેન્દ્ર દ્વારા જ યોગી જે તે ચેતનાના લોકમાં પ્રવેશ મેળવી શકે છે અર્થાત્ જે તે વિશ્વચેતનાના સ્તરમાં વ્યક્તિ તરીકે પ્રવેશી શકે છે. તેને સમગ્ર રીતે વિશ્વચેતનાનો અનુભવ આવતો જ નથી. તેની અનુભૂતિઓ લગભગ વ્યક્તિ-ચેતનાના કક્ષામાંથી જ આવતી હોય છે. તે વિશ્વ-ચેતના સાથે એકરૂપતા સાધી જ શકતો નથી.

## સાક્ષાત્કારની ત્રણ ભૂમિકાઓ

(શતાબ્દી એડી ભા.૨૦, પૃ.૨૯૦, ૯૧, ભા. ૨૩-પૃ.૯૩૧,૯૪૧)
સાક્ષાત્કારની ત્રણ ભૂમિકાઓ હોય છે. (૧) દૃષ્ટિ અર્થાત્ દર્શન (૨) અંતરાત્મામાં સઘન અનુભૂતિ (૩) તાદાત્મ્ય. શરીરની બહાર પ્રકાશ જોવો એ દર્શન, તેનું શરીરમાં અવતરણ એ અનુભૂતિ અને પ્રકાશ સાથે એકરૂપ થવું એ તાદાત્મ્ય. દર્શન બધાંને જ અનિવાર્ય વસ્તુ નથી.

# ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૦

## શુદ્ધ પ્રાણ

સમજૂતી – કમલેશ માંડવિયા

- ....મનોમય, પ્રાણમય અને પાર્થિવ લોકને ભેગા લઈએ તો તેને વિશ્વના નિમ્નગોળાર્ધનો 'ત્રિલોક' કહી શકાય. પૃ.૧૯
- ..... અહીં આ પૃથ્વી પર થઈ એ પૂર્વે એ ત્રિલોક સ્વતંત્રપણે પાર્થિવ ચેતના અને જડ ભૂમિકાથી પર આવી રહેલા હતા. પૃ.૧૯
- .....સમગ્ર પ્રાણમય પ્રકૃતિની પાછળ..... તદ્દન ભિન્ન એવો, સાચો અને અક્રિય પ્રાણમય પુરુષ રહેલો છે અને તે પ્રચ્છન્ન હોય છે. પૃ.૨૦
- ..... સાચી પ્રાણમય સત્-તા એનાથી જુદા જ પ્રકારની હોય છે..... તે વિશાળ, બૃહત્, અક્ષુબ્ધ, સમર્થ, અમર્યાદ, દૃઢ અને અચળ હોય સર્વ પ્રકારની શક્તિ, સર્વ પ્રકારનાં જ્ઞાન અને આનંદને ધારણ કરવાને સમર્થ હોય છે. પૃ.૨૦
- ..... એ વાસ્તવિક પ્રાણમય સત્ અહંની લાગણીથી મુક્ત હોય છે, કારણ કે તે પોતાની જાતને પ્રભુના જ એક આવિર્ભાવ તરીકે અને કરણ તરીકે જાણે છે..... પૃ.૨૦
- ... સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે પ્રાણ એક આવશ્યક સાધનરૂપ શક્તિ છે. પૃ.૨૦
- ... એ જ પ્રમાણે સાચો મનોમય અને સાચો અન્નમય પુરુષ પણ સાધકની

**અંદર હોય છે. પૃ. ૨૦**

- **..... એ બધાં તમારી અંદર જાગ્રત થાય છે ત્યારે તમારી ચેતના બે ભાગમાં વહેંચાઈ ગયેલી અનુભવો છો. પૃ. ૨૦**
- **.... ચેતનાની પાછળનો સાચો પ્રાણમય પુરુષ દૃઢ રહે અને તમે એમાં જીવન ધારણ કરી શકો તો અશાંતિ અને અજ્ઞાન ફક્ત ચેતનાની સપાટી ઉપર જ રહે છે. પૃ. ૨૦**

અવક્રાંત થયેલા ત્રણેય લોક - મનોમય લોક, પ્રાણમય લોક અને અન્નમય લોક પોતાની નીજ અને મૂળ અવસ્થામાં તો પાર્થિવ ચેતના અને જડ ભૂમિકાથી પર આવેલા હતા અને ત્યારબાદ ઉત્ક્રાંતિમાં પ્રવેશતા જ તેઓ આ સ્થૂળ અને પાર્થિવ ભૂમિકાઓમાંથી પ્રગટ થવા લાગ્યા. આ પ્રગટીકરણ જ્યારે માનવમાં યોગશક્તિ દ્વારા અનુભવાય છે ત્યારે તે મનોમય લોક, પ્રાણમય લોક અને પાર્થિવ લોક એમ ત્રણેય લોક ભેગા મળીને 'ત્રિલોક' તરીકે બની આવે છે. આને જ નિમ્ન- ગોલાર્ધ કહે છે.

માનવપ્રકૃતિની પાછળ તેને પ્રગટ કરનારા પુરુષો પણ આવેલા છે. આ 'ત્રિલોક' માનવપ્રકૃતિમાં સ્થાપિત હોય તે પ્રકૃતિમાં પુરુષરૂપી કેન્દ્ર દ્વારા પ્રગટ થતાં હોય છે.

બાહ્ય પ્રાણમય પ્રકૃતિની પાછળ, તેની સપાટીની પાછળ સાચો અને અક્રિય પ્રાણમય પુરુષ આવી રહેલો છે તે પ્રચ્છન્ન છે. ચેતનાની સપાટીએ પ્રાણમય સત્તા સાવ સંકુચિત, મર્યાદિત, વિરોધાભાષી અને વાસના અને આવેગોથી ભરેલી હોય છે અને તે દ્વારા સાધકમાં સુખદુઃખ, આશા-નિરાશા વગેરેનાં દ્વન્દ્વ પ્રગટ થતાં હોય છે. પરંતુ સાચી અને શુદ્ધ પ્રાણમય સત્તા જુદા જ પ્રકારની છે. એ એક વિશાળ, અમર્યાદ દૃઢ અને કાર્ય-સાધક હોય છે. ખરેખર તો તે મૂળભૂત સત્-તાનો ભાગ હોય તે વ્યક્તિગત અહંકારથી મુક્ત હોય છે. તે એક દિવ્ય યોદ્ધાસ્વરૂપે સાધકમાં કાર્ય કરતી હોય છે.

કોઈપણ સાધનામાં જો પ્રાણનો સાથ-સહકાર અને દિવ્યકાર્ય સાધકને ન મળે તો સાધના સાવ પાંગળી બની જાય છે. દરેક સાક્ષાત્કાર માટે આ દિવ્ય

પ્રાણમય સત્-તા અનિવાર્ય છે.

સાધકે વિવેકભાનથી પ્રાણની બાહ્ય ક્રિયાઓ તેમ જ શુદ્ધ અને દિવ્ય ક્રિયાઓને સમજીને જુદાં પાડવાનાં હોય છે. બાહ્ય ક્રિયાઓની મર્યાદાઓ, વાસનાઓ વગેરેનો ત્યાગ કરીને મૂળભૂત પ્રાણની સત્તા અનુસાર આ વૈશ્વિક આયોજનમાં સાધકે પોતાની સાધનાને આગળ ધપાવવાની હોય છે. આ સંજોગોમાં આ પ્રાણમય સત્-તાા એક નમનીય અને દિવ્ય કરણ બનીને સાધકમાં કાર્ય કરતી અનુભવાય છે. બાહ્યરીતે ગમે તેવા તોફાનો હોય, મુશ્કેલીઓ હોય પરંતુ અંતરમાં રહેલી દિવ્ય પ્રાણશક્તિ પોતાની દૃઢતા અને પ્રભુ સાથેની એકતામાંથી સાધકમાં દિવ્યકરણનું રૂપ ધારણ કરીને કાર્ય કરતી હોય છે. સાધકે સાક્ષીભાવે વિવેકભાન કેળવીને આ દિવ્ય પ્રાણને વધારેને વધારે પોતાના જીવનમાં કાર્યાન્વિત કરવાનો હોય છે.

તે જ રીતે આ બાહ્ય સપાટીની નીચે સાચો મનોમય પુરુષ અને સાચો અન્નમય પુરુષ આવેલા છે જે પ્રચ્છન્ન રીતે સાધકમાં આધ્યાત્મિક વિકાસનું કાર્ય કરતાં હોય છે. આ પ્રકારના આંતરકરણ એ ઊર્ધ્વ ગોલાર્ધના ભાગ છે.

---

(પૃ.૪૭ ઉપરથી)

## આત્મસિદ્ધિ

મુક્તિનાં, સાયુજ્ય, સાલોક્ય અને સાધર્મ્ય સારૂપ્ય; આમ ચાર પ્રકારની મુક્તિ છે. સાયુજ્ય મુક્તિમાં સાધકની ચેતના સદા પ્રભુની ચેતના સાથે અખંડ રીતે જોડાએલી જ રહે છે. સાધક દ્વૈતનો અર્થાત્ વિવિધતાનો અનુભવ લેવા છતાં અખંડિત ચેતના સાથેની પોતાની એકરૂપતા ભૂલતો નથી. સાલોક્યમુક્તિમાં પ્રભુના અસીમ પ્રકાશમાં પોતાની ચેતનાને ઓગળી ગએલો અનુભવે છે. આલોક એટલે પ્રકાશ. ચેતના બાબતની સભાનતા સ્વરૂપ આ આંતર-પ્રકાશમયતા હોય છે. સાધર્મ્ય મુક્તિમાં પ્રકૃતિની બધી દિવ્ય-ક્ષમતાઓ પ્રભુની જેમ સાધક પણ વિકસાવે છે અને અષ્ટસિદ્ધિનો માલિક બને છે. સારૂપ્ય મુક્તિમાં સાધક પોતાને પ્રભુ સાથે એકરૂપતા અનુભવે છે. પોતાને ત્રિગુણાતીત અર્થાત્ સર્વ ગુણોથી મુક્ત અનુભવે છે. બધા જ ગુણોને (સત્ત્વ, રજસ, તમસ) તે પ્રભુના કાર્યમાં પ્રયોજે છે અને છતાં તમનાથી પોતે મુક્ત જ રહે છે અર્થાત્ કોઈ ગુણ તેને ગુલામ બનાવી શકતો નથી. (ક્રમશઃ)

# ઉપનિષદો
- શ્રી અરવિન્દ

## ઈશોપનિષદ

(પૃ.૨૦-૨૪)

૧ ઈશા વાસ્યમિદં સર્વ યત્કિંચ જગત્યાં જગત।
તેન ત્યક્તેન ભૂંજીથા મા ગૃધ કસ્ય સ્વિદ્ધનમ્।।૧।।

જે કાંઈ આ જગતમાં વિકાસ પામી રહ્યું છે (જગત્યાં જગત) બધું (ઇદં સર્વ) પ્રભુના (ઈશા) વસવાટ માટે છે (વાસ્યં) તેથી તેના જગત તરીકેના ભાવનો ત્યાગ કરીને, ઈશ્વરરૂપ સમજી ભોગવ. (તેન ત્યક્તન ભૂંજીથા) કોઈ વ્યક્તિના માલમિલ્કતનો (કસ્ય સ્વિદ્ધનમ્) લોભ (ગૃધઃ) રાખ નહિ (મા)

૨ કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતં સમાઃ।
એવં ત્વયિ નાન્યથે તોડસ્તિ ન કર્મ લિપ્યતે નરે।।૨।।

આ જગતમાં જ (ઈહૈવ) ઉપર મુજબનાં ભાવો રાખી કર્મ કરવા સાથે (કર્માણિ કુર્વન્) સો (શતં) વર્ષ (સમાઃ) જીવવાની ઈચ્છા રાખ (જિજીવિષેત્) તારામાં (ત્વયિ) એ પ્રકારનો ભાવ જ રહે (એવં) અને અન્ય પ્રકારનો ન હોય (ના ન્યથેતોડસ્તિ) તો તું કર્મથી (કર્મ) બંધાઈશ નહિ (ન લિપ્યતે)

૩ અસૂર્યા નામ તે લોકા અંધેન તમસાવૃતાઃ।
તાંસ્તે પ્રેત્યાભિગચ્છંતિ યે કે આત્મહનો જનાઃ।।૩।।

સૂર્યવગરના (અસૂયા) તે લોકો છે (નામ તે લોકા) તે તમસના અંધકારથી (અંધેન તમસા) ઘેરાએલાં છે (આવૃત્તાઃ) ત્યાં (તામ્) તે (એ લોકો) પ્રેત્ય (મૃત્યુબાદ) જાય છે (ગચ્છંતિ) જે કોઈ (ઉપર મુજબ ન વર્તવાથી) આત્માને મારી નાખનારા લોકો (આત્મહનો જનાઃ) બની જાય છે.

૪ અનેજ દેહં મનસો જવીયો નૈનદેવા આપ્નુવન્ પૂર્વમર્ષત્।
તદ્ધવતોન્યાનત્યેતિ તિષ્ઠત્ તસ્મિન્નપો માતરિશ્વા દધાતિ।।૪।।

તે એક જે નિશ્ચળ છે (અનેજત્ એકં) છતાં મનથી પણ વેગવાન છે (મનસો જવીયો) તેને દેવો પહોંચી શકતા નથી (નૈનંદે વાઃ આપ્નુવન્) તે તો આગળ જ હોય છે

(પૂર્વમર્ષતુ) તે (તદ્દ) બાકીનાં દોડનારાઓને (ધાવતોન્યાન્) વટાવીને આગળ ઊભું હોય છે (અત્યેતિ તિષ્ઠત્) તેવી નિરાકાર ચેતનારૂપ જળમાં (તસ્મિન્ અપો) સુપ્ત અવસ્થાની પ્રાણશક્તિ (માતરિશ્વા) (વ્યક્તિ-ચેતનાઓને) જન્મ આપે છે. (દધાતિ).

૫ તદેજતિ તન્નૈજતિ તદ્દ દૂરે તદ્વંતિકે।
તવંતરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યતઃ।।૫।।

તે ચાલે છે (તદેજાતિ) તે નથી ચાલતી (તન્નૈજતિ) તે આઘે છે (તદ્દ દૂરે) તે જ પાસે છે (તદ્વંતિકે) તે બધાંની અંદર છે (તદંતરસ્ય સર્વસ્ય) અને તે જ (તદુ) આ બધાંની (સર્વસ્યાસ્ય) બહાર પણ છે (બાહ્યતઃ)

૬ યસ્તુ સર્વાણિ ભૂતાનિ આત્મન્યેવાનુપશ્યતિ।
સર્વભૂતેષુ આત્માનં તતો ન વિજુગુપ્સતે।।૬।।

પરંતુ (તુ) જે પ્રાણીમાત્રને (સર્વભૂતાનિ) આત્મા તરીકે જ અનુભવે છે (આત્મનિ એવ અનુપશ્યતિ) તેમ જ (ચ) પોતાને (આત્માનં) સર્વપ્રાણી માત્રમાં અનુભવે છે (સર્વભૂતેષુ આત્માનં) તેથી (તેન) તેને (કોઈની પણ) સૂગ આવતી નથી. (ન જુગુપ્સતે)

૭ યસ્મિન્ સર્વાણિ ભૂતાનિ આત્મૈવાભૂત વિજાનતઃ।
તત્ર કો મોહઃ કઃ શોક એકત્વમનુપશ્યતઃ।।૭।।

જેમાં (યસ્મિન્) સર્વ પ્રાણીમાત્ર (સર્વાણિ ભૂતાનિ) તેના આત્મજ્ઞાનને લીધે (વિજાનતઃ) આત્મા સ્વરૂપ જ બની ગયાં છે (આત્મૈવાભૂત) ત્યાં કોના માટે આસક્તિ રાખે (તત્ર કો મોહઃ) કોના માટે જુગુપ્સા રાખે (કઃશોકઃ) જ્યારે તે સર્વમાં એક જ તત્ત્વને અનુભવે છે. (એકત્વં અનુપશ્યતઃ)

૮ સપર્યગાચ્છુક્રમકાયમવ્રણમસ્નાવિરં શુદ્ધમપાપવિદ્ધમ્।
કવિર્મનિષી પરિભૂઃ સ્વયંભૂર્યાથાતથ્યતોઽર્થાન્ વ્યદધાચ્છા શ્વતીભ્યઃ સમાભ્યઃ।।૮।।

એ જ (સ) આઘે ગએલો છે (પર્યગાત્) જે તેજોમય છે (શુક્રમ્) શરીર વગરનો છે (અકાયમ્) કોઈ પણ ક્ષતિ વગરનો છેં (અવ્રણમ્) હાડકાં સ્નાયુ વગરનો છે (અસ્નાવિરમ્) શુદ્ધ છે (શુદ્ધં) પાપ વગરનો (અપાપ) અને વીંધાયા વગરનો છે (અવિદ્ધમ્) આંતરદૃષ્ટિથી જોનારો (કવિઃ) અને ચિંતનથી જાણનારો (મનીષીઃ) વ્યક્તિ આત્માને આવિર્ભાવોમાં પ્રવેશીને રહેલો છે તથા (સ્વયંભૂઃ) તેણે અનં વર્ષોથી (શાશ્વતીભ્ય સમાભ્યઃ) વસ્તુઓને (અર્થાન્) પોતપોતાના યોગ્ય સ્થાને જ (યાથાતથ્યતો) મૂકેલી છે (વ્યદધાત્) (અર્થાત્ જગતની વ્યવસ્થા ગોઠવેલી છે) એવો જાણે છે. (ક્રમશઃ)

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# ચૈતસિક અસ્તિત્ત્વ

પ્રકરણ - ૨૬

(ખંડ-૧, પૃ.૧૩૮-૧૪૩) (તા.૨૬.૬.૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : ચૈતસિક તત્ત્વ શું મનોમય, પ્રાણમય અને શારીરિક તત્ત્વો ઉપર શાસન કરે છે?

શ્રી અરવિન્દ : તેણે શાસન કરવું જોઈએ એ પ્રભુનું ઉત્ક્રાંતિમાંનું આયોજન છે પણ હાલમાં તે તત્ત્વો બાહ્ય અસરોથી શાસિત થાય છે.

શિષ્ય : એક્ષ બાબત વાત કરતાં તમે કહેલું કે તેણે આંતર મનોમય અને પ્રાણમય તથા ચૈતસિક તત્ત્વો વચ્ચેનો પડદો ભેદી નાખેલો આનો અર્થ મને ન સમજાયો.

શ્રી અરવિન્દ : આપણે જે મન અને પ્રાણને જાણીએ છીએ તે બાહ્ય મન અને બાહ્ય પ્રાણ છે. પણ તેમની પાછળ આપણું પોતાનું સૂક્ષ્મ મન અને સૂક્ષ્મ પ્રાણનું જગત આવેલું છે તેને આંતર-સ્વરૂપ કહેવાય છે. તે ચૈત્યપુરુષ માટે પ્રથમ સભાન હોતું નથી, પણ સાધનાથી સભાન બનતાં જ તેમની વચ્ચે સંબંધ બંધાય છે. તેને જ અજ્ઞાનનો પડદો ભેદવો એમ કહેવાય છે.

શિષ્ય : ચૈતસિક ક્રિયાઓ આંતર સ્વરૂપમાં થાય છે કે અવચેતનમાં?

શ્રી અરવિન્દ : લોકો અવચેતન શબ્દનો અર્થ જે સપાટી ઉપર કામ ન કરતાં પડદા પાછળ રહી કામ કરે છે એવો સાપેક્ષ અર્થ લે છે. એ અર્થમાં અતિમનસ પણ હાલના તબક્કે અવચેતનનો ભાગ બની જાય છે. ચૈત્યપુરુષની દૃષ્ટિએ કાંઈ જ અવચેતન નથી, કારણ તે જાતવેદસ્ છે. તે વ્યક્તિનું સ્વરૂપમાં જે કાંઈ જન્મે છે, ટકે છે તે બધું જ જાણે છે.

શિષ્ય : ચૈતસિક તત્ત્વનો અતિમનસ સાથે શો સંબંધ છે?

ચૈતસિક તત્ત્વ પોતે અતિમનસ નથી અતિમનસ મન, પ્રાણ, શરીરથી ઊર્ધ્વમાં છે. ચૈતસિક તત્ત્વ તેમની પાર્શ્વભૂમિમાં. ચૈતસિક તત્ત્વ અતિમનસમાંથી પ્રેરણા મેળવે છે અને તે અનુસાર મન, પ્રાણ, શરીરને ઘાટ આપે છે. તે સત્ય પ્રત્યે ખુલ્લું

હોય છે. પણ પોતે સત્ય નથી.

શિષ્ય : ચૈતસિક અને સચ્ચિદાનંદ (અધ્યાત્મિક તત્ત્વ) વચ્ચે શો સંબંધ છે?

શ્રી અરવિન્દ : બ્રહ્માંડના બે ગોલાર્ધ છે. ઊર્ધ્વ ગોલાર્ધમાં સત્‌ચિત્‌ અને આનંદ એ તત્ત્વો છે નિમ્ન ગોલાર્ધમાં ચૈત્યપુરુષ, મન, પ્રાણ, શરીર છે. આ બે ગોલાર્ધ વચ્ચે જોડનાર તત્ત્વ તરીકે અતિમનસ છે. મન, પ્રાણ, શરીરમાં સત્‌-ચિત્‌ આનંદની અનુભૂતિ આવી શકે છે, પણ તેને પ્રાપ્ત કરી શકતા નથી. ફક્ત અતિમનસ જ તેને ધારણ કરી શકે છે.

શિષ્ય : મૃત્યુબાદ ચૈત્યપુરુષ રહે છે?

શ્રી અરવિન્દ : હા, તે જ જન્મ-મરણ પ્રક્રિયાને સ્વીકારી આવાગમન કરતો હોય છે તેને 'જીવ' કહે છે.

જીવાત્મા એ ચૈત્યપુરુષનું મૂળ છે. તે જન્મ-મૃત્યુથી પર હોય છે. અંતરાત્મા જન્મમરણ પ્રક્રિયામાં પ્રવેશેલો હોય છે. તેને જ કેન્દ્રિય અસ્તિત્વ કહે છે. ચૈત્યપુરુષ તેનું એક આવિર્ભાવ કેન્દ્ર માત્ર હોય છે.

શિષ્ય : કારણ શરીર શું છે?

તે વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષનું બનેલું તેજોમય શરીર છે. તે સનાતન છે. તે જ આપણું મૂળ અતિમનસ શરીર છે. તે ભૌતિક શરીર દ્વારા જ્યારે પ્રગટ થવા સમર્થ થાય છે ત્યારે ભૌતિક શરીરનું અતિમાનસિક કરણ થયું એમ કહેવાય છે.

શિષ્ય : પરંપરાગત રીતે વિજ્ઞાનમય શરીરને જ કારણ શરીર કહે છે. તે સમાધિ પ્રાપ્ત કરવાનું મુક્તિનું સાધન છે. સર્વ કર્મ બીજોને બાળી નાખી મુક્તિ મેળવાય છે.

શ્રી અરવિન્દ : એ ખરું છે કે પ્રકૃતિની બધી ઊણપો અતિમનસમાં પ્રવેશ્યા સિવાય જતી નથી. અતિમનસમાં પ્રવેશતા જ દરેક તત્ત્વ પાછળનું સાચું મૂળ સત્ય સમજાય છે અને તેથી તેમાં નિમ્નસ્તરે થતી વિકૃતિઓ બંધ પડી જાય છે. પણ પરંપરામાં અતિમનસ કે વિજ્ઞાનમય દેહ ભૌતિક સ્તરે રચાવો શક્ય નથી એવું માનવામાં આવેલ છે. તેથી જ તેના રૂપાંતરને બદલે મુક્તિની કલ્પના આગળ આવી. આ જગત અપૂર્ણ છે અને અપૂર્ણ જ રહેવાનું છે એવી માન્યતા તેની પાછળ રહેલી છે તેમ જ તેથી જ સંસારત્યાગ, વૈરાગ્યને મહત્ત્વ આપવામાં આવ્યું. ઉપનિષદોમાં સૂર્યનાં દ્વાર વટાવીને જ મુક્તિ મળે છે અર્થાત્‌ વિજ્ઞાનમય શરીરમાં જ મુક્તિ મેળવો છો એવું જણાવેલ છે. નીચેની અવસ્થામાં શક્ય નથી.

આપણો યોગ જણાવે છે કે આ જગતમાં જ વિજ્ઞાનમય શરીર રચાવું શક્ય છે મુક્તિ એક વચગાળાની અવસ્થા છે.

શિષ્ય : તંત્ર મુક્તિની કામના છોડવાનું કહે જ છે.

શ્રી અરવિન્દ : આપણે માયાવાદીની જેમ વૈરાગ્ય ઉપર અતિભાર આપતા નથી. જીવનની અપૂર્ણતા સ્વીકારીએ છીએ પણ આવું અપૂર્ણ જીવનની પણ લીલામાં સ્થાન અને ઉપયોગ છે એ પણ માન્ય કરીએ છીએ. તે જ સાધનાનો આરંભબિન્દુ બની જાય છે.

શિષ્ય : જીવનમાંના અસંતોષને કારણે લોકો અધ્યાત્મ તરફ વળે છે. આ અસંતોષ ચૈતસિક પ્રકારનો હોય છે?

શ્રી અરવિન્દ : જ્યારે આંતરિક અસ્તિત્વને સામાન્ય જીવનથી અસંતોષ જાગે છે ત્યારે સાચો આધ્યાત્મિક જીવનને ઉપયોગી અસંતોષ જન્મે છે.

શિષ્ય : શું અભીપ્સા ચૈતસિક જ હોય છે?

શ્રી અરવિન્દ : હા, વેદો જણાવે છે કે પૃથ્વી (શરીર)માંથી પ્રગટ થતો અને પોતાના ઘર પ્રત્યે ગતિ કરતો તે અગ્નિ છે. પોતાનું ઘર એટલે જ ચૈત્યપુરુષ. તે જ અસંતોષ નિર્માણ કરે છે.

શિષ્ય : શું અગ્નિ સદા અભીપ્સાનું પ્રતીક છે?

શ્રી અરવિન્દ : હા, પણ તેની બીજાં પણ સ્વરૂપો છે. દા.ત. - ગાર્હપત્ય અગ્નિ એટલે ચૈત્યપુરુષનો આંતર સ્વરૂપમાં રહેનાર અગ્નિ.

શિષ્ય : ચૈત્યપુરુષનું અગ્રભાગે આવવું અથવા ચૈત્યપુરુષ બળવાન થયો, તેનો સ્પષ્ટ અર્થ શું?

શ્રી અરવિન્દ : ચૈત્યપુરુષ પોતાનો પ્રભાવ માણસના બાહ્યસ્વરૂપ ઉપર પણ પાડવા માંડે ત્યારે ઉપરના બન્ને શબ્દ પ્રયોગો કરવામાં આવે છે. ત્યારે ચૈત્યપુરુષ માનવના સપાટી ઉપરના સ્વરૂપને પણ પ્રભાવિત કરવા માંડે છે. આને કારણે નીચેનાં પરિણામો આવે છે :

૧ સમગ્ર પ્રકૃતિ સત્ય તરફ વળે છે.

૨ સ્વરૂપમાં દિવ્ય-રચનાઓ કરવામાં આવે છે.

૩ સ્વરૂપ વધારે વિશુદ્ધ થાય છે.

૪ અન્યો સાથેના વ્યવહારમાં સૌમ્યતા, મધુરતા આવે છે.

૫ તેના કથનમાં અનુભવના સત્યનો રણકાર સંભળાય છે જે ચૈતસિક અસ્તિત્વમાંથી જન્મે છે.

શિષ્ય : ચૈત્યપુરુષનું મન, પ્રાણ, શરીર દ્વારા ક્રિયા સિવાય ખાસ પોતાની ક્રિયાઓ છે?

શ્રી અરવિન્દ : હા, તેનું પોતાનું ક્ષેત્ર અને કાર્ય પણ છે. દા.ત. આંતર-ઉજાશ, આંતર-પ્રેરણા, પ્રભુની હાજરીનાં સંવેદનો વગેરે.

શિષ્ય : ગૂઢવાદીઓ આત્મા સાથે વિચ્છેદ પામેલા વ્યક્તિઓની વાત કરે છે, તે શું છે?

શ્રી અરવિન્દ : અસુરો તેવી વ્યક્તિઓ હોય છે. તેમનો ચૈત્યપુરુષ (આત્મા) મૂર્છિત થએલો હોય છે. સાધારણ રીતે સામાન્ય માનવનો પણ ચૈત્યપુરુષ સાથે ભાગ્યે જ સંબંધ હોય છે. તેનો અર્થ તે સંબંધ બાબત તે અભાન છે એટલો જ.

શિષ્ય : ચૈત્યપુરુષ એકદમ સપાટી ઉપર આવે છે કે ધીમે ધીમે?

શ્રી અરવિન્દ : તેનો કોઇ નિયમ નથી. બન્ને ઘટના શક્ય છે. પણ બીજી સર્વ સામાન્ય ઘટના હોય છે.

શિષ્ય : શું દુ:ખ આત્મજાગૃતિનું સાધન છે?

શ્રી અરવિન્દ : હંમેશા નહીં. અમુક કિસ્સામાં દુ:ખથી માણસ નિમ્નતત્ત્વોના પ્રભાવમાં ચાલ્યો જાય છે. દા.ત. દારૂ પીવે, આત્મહત્યા કરવી વગેરે.

શિષ્ય : મોટે ભાગે આઘાતથી માણસ અધ્યાત્મ તરફ વળે છે.

શ્રી અરવિન્દ : તેમાં આસક્તિનો નાશ થવાથી તે અધ્યાત્મ તરફ વળે છે પણ દર વખતે તેવું જ કારણ નથી હોતું. દા.ત. લાલા બીજી રીતે અધ્યાત્મ તરફ વળ્યો. તેણે માછીમારોનો સંવાદ સાંભળ્યો. ''અંધારું થાય અને મોડું થાય તે પહેલા ઘર ભેગા થઈએ'' લાલાએ તેનો અધ્યાત્મિક અર્થ લીધો અને સાધના તરફ વળી ગયો.

શિષ્ય : શું ભારતમાં અન્ય દેશો કરતાં આધ્યાત્મિક જીવન તરફ વળવું સહેલું છે?

શ્રી અરવિન્દ : તે એક હકીકત છે.

શિષ્ય : અન્ય દેશોમાં મુશ્કેલ શા માટે છે?

શ્રી અરવિન્દ : ભારત પાસે છે તેવું આધ્યાત્મિક જ્ઞાન અન્ય દેશોમાં વિકાસ પામેલ નથી, તેથી તેઓ વધુ માનસિક અને પ્રાણમય જીવન જીવે છે. પણ હવે તે અધ્યાત્મ તરફ વળી રહ્યાં છે તેથી ચિત્ર બદલાશે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# અગ્નિનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૯૧-૧૦૧)

પ્રકરણ -૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

અગ્નિને વૈશ્વિક માતાપિતાનો શિશુ તરીકે ગણાવેલ છે. વૈશ્વિક તત્ત્વો એ જ તેના માતાપિતા છે. વિશેષતઃ વૈશ્વિક મન અને વૈશ્વિક પાર્થિવ તત્ત્વ એ જ તેના પિતા ને માતા છે. પાર્થિવ તત્ત્વ તેને ધારણ કરીને માતા બને છે અને મનસતત્ત્વ તેને પોષણ આપી તેના પિતા બને છે. તેનું પાલનપોષણ કરે છે. પણ આ બંને તત્ત્વોની પોતાની મર્યાદા છે. તે મર્યાદા આવતાં જ બંને તેની પ્રગતિના અવરોધક બની જાય છે. વેદો જણાવે છે તે પ્રગતિને રૂંધનાર 'રોધસિ' બની જાય છે. માતા પોતાની પાર્થિવતામાં જ તેને કેદ કરી રાખવા ઈચ્છે છે પણ અંતે, પોતાના બાળકને જતું કરવું જ પડે છે. પિતા પોતાની મર્યાદામાં જ તેને રાખવા ઈચ્છે છે પણ પુત્રને તે સંતોષ આપી શકતા નથી. અંતે, બંનેની મર્યાદામાંથી અગ્નિ મુક્ત થાય છે અને પોતાની પ્રગતિ સાધે છે. વેદો જણાવે છે : મન અને પાર્થિવ-શરીરની બે અરણિઓ વચ્ચે આ અગ્નિ ભીંસાતો હોય છે, પણ તે ભીંસ અને ઘર્ષણ જ તેને વધારે પ્રજ્વલિત કરી મુક્ત કરે છે. આમ, અગ્નિ આપણી પ્રકૃતિની વક્રતાનો પુત્ર હોવા છતાં તેમાં બંધાતો નથી.

અગ્નિ પાર્થિવતત્ત્વમાંથી મુક્ત થયા પછી પ્રાણતત્ત્વમાં અટવાય છે. શારીરિક મોજશોખ અને સુખોપભોગમાંથી મુક્ત થતાં પ્રાણમય એષણાઓમાં સપડાય છે અને તેમાંથી મુક્ત થાય તો મનની ચિંતન, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન વગેરેની મર્યાદાઓમાં સપડાય છે. આ બધા અગ્નિ માટે ધુમાડા સમાન છે, જે તેને

ગૂંગળાવે છે. પણ એક વખત આ અવરોધમાંથી (રોદાસિ) મુક્ત થઈ જાય પછી ધુમાડા વગરનો અને સ્થિર 'નાચિકેત' અગ્નિ બની જાય છે. વેદો જણાવે છે - આવો અગ્નિ શ્વેતશુભ્ર અશ્વ જેવો હોય છે, જે આપણી પ્રગતિને ઊર્ધ્વ પ્રતિ લઈ જાય છે.

વેદો જણાવે છે - આવો અગ્નિ શ્વેતશુભ્ર અશ્વ જેવો હોય છે, જે આપણી પ્રગતિને ઊર્ધ્વ પ્રતિ લઈ જાય છે.પ્રકૃતિ આ અગ્નિએ ધારણ કરેલા સંકલ્પાનુસાર જ દિવ્ય ઘાટ ધારણ કરે છે. આ જ પ્રકૃતિનું રૂપાંતર છે. આ જ અપરા પ્રકૃતિની પરાપ્રકૃતિમાં કાયાપલટ છે.

હવે તે ઋત્‌નો વિશાલ સૂર્ય બની જાય છે.

અગ્નિને વિવિધ ઋષિઓએ વિવિધ-વિશેષણો અને રૂપકોથી નવાજ્યો છે.

દા.ત.

૧. તે સાત માતાઓનો પુત્ર છે. સાત માતા એટલે સત્‌-ચિત્‌-આનંદ-અતિમનસ (ઋત્‌) અને મન-પ્રાણ-શરીર અર્થાત્‌ પ્રથમ ત્રણ શુદ્ધ અને દિવ્ય સ્વરૂપનાં છે. છેલ્લા ત્રણ વિકૃત અને અશુદ્ધ છે. ઋત્‌-ચેતના બંનેને જોડનાર દિવ્ય-શક્તિ છે. અગ્નિને શરૂઆતમાં પ્રત્યક્ષ રીતે મન-પ્રાણ-શરીર પોષે છે. આંતરિક રીતે સત્‌-ચિત્‌-આનંદ. પોષણ આપી ઘાટ આપવાની સમગ્ર પ્રક્રિયા ઋત્‌-ચેતનાના આયોજન મુજબ થાય છે. આમ, સાતે માતા પોતપોતાની રીતે અગ્નિને પોષણ આપે છે.

૨ રાત્રિ અને ઉષા તેને જન્મ આપે છે. અવચેતન અને તે બાદ આંતર-પ્રરણાઓ તેને સક્રિય બનાવે છે. અવચેતન યાંત્રિક રીતે અને આંતરપ્રેરણા સભાન રીતે.

૩ જ્યારે દિવ્ય પ્રકાશમય મનરૂપી ઈન્દ્ર અવચેતનરૂપી વૃત્રના આવરણને ભેદીને તેને મુક્ત કરે છે, ત્યારે જ ઉપર જણાવેલા સાતે લોકની સાત નદીઓરૂપી પ્રેરણાઓ નીચે અવતરણ પામવાની શરૂઆત કરે છે. તે જ સ્વર્ગની સાત નદીઓ છે.

૪ અગ્નિ મુક્ત થતા વિશાળ બને છે અને સપ્તલોકને વ્યાપે છે. દરેક

લોકમાં ઋત્ અનુસાર પોતાનું દિવ્યરૂપ ઘડે છે, જેને આપણે દિવ્ય પુરુષો (પાર્થિવ, પ્રાણમય, મનોમય વગેરે) કહીએ છીએ.

૫ અગ્નિ દેવોનો પણ દેવ છે. તે આદ્યદેવ છે. તે માનવમાં રહી દેવોને મદદ કરે છે. દેવોને આહુતિથી સંતુષ્ટ કરે છે. તે અગ્નિ જ્યારે વૈશ્વિક સ્વરૂપ ધારણ કરે છે, વૈશ્વાનર બની જાય છે, ત્યારે તે દેવોમાં સહુથી મહાન, બળવાન, તેજોમય બની જાય છે.

૬ તે અન્ય દેવોની જેમ ઉષા થાય તો જ જાગતો નથી (ઉષા બુધઃ) પણ અહર્નિશ જાગતો જ હોય છે - રાત્રીના અંધકારમાં પણ.

૭ તેને 'અગ્નિ' કહે છે. અત્રિના અર્થ છે : (૧) ભક્ષણ કરનાર (૨) મુસાફરી કરનાર (૩) ત્રણ ગુણો અને ત્રણે તત્ત્વોથી પેલે પાર જનાર. આ બધા અર્થમાં અગ્નિ 'અત્રિ' જ છે. તે અશુદ્ધિઓને ખાય છે અને દિવ્ય ભાવોને પણ ખાય છે અને પોષણ મેળવે છે. તે ઊર્ધ્વગામી મુસાફરી કરતો જ હોય છે. તે ત્રિગુણાતીત બની જાય છે. ત્રણે રીતે તે 'અત્રિ' જ છે. (૪) તે આંગિરસ છે. પ્રકાશને ધારણ કરનાર છે. અષ્ટધા પ્રકૃતિને પ્રકાશમય કરનાર છે. (૫) તેનાં ત્રણ રૂપો છે - અગ્નિ, અંતરિક્ષ અને કારણ શરીરમાં સૂર્ય છે. અગ્નિ એટલે ગતિ વગરનો સ્થિર (અ + ગ), અંતરિક્ષ એટલે મનની સૂક્ષ્મ આંખોથી આંતર-દર્શનથી જેનો ઉજાશ દેખાય છે તેવો (આંતર + ઇક્ષ), સૂર્ય એટલે દૈવી શક્તિઓને, સૂર-શક્તિને, આપણા સ્વરૂપમાં અવતરણ કરાવનાર કેન્દ્ર.

---

## સાક્ષાત્કારની કક્ષાઓ

(શતાબ્દી એડી. ભા.૨૦ પૃ.૨૯૦-૨૯૧)

કેવળ મનદ્વારા પણ આપણે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. તેમજ ફક્ત પ્રાણની કક્ષાએ કે ફક્ત શારીરિક કક્ષાએ પણ સાક્ષાત્કારો થતાં હોય છે. સાધારણ રીતે આ સ્થળો સાક્ષાત્કારની શરૂઆત હોય છે. પછી તે અન્ય તત્ત્વોમાં પણ પગપેસારો કરી ફેલાય છે. સમગ્ર અસ્તિત્ત્વના બધાંજ તત્ત્વોમાં સાક્ષાત્કાર થવો એ તેનો ક્ષેત્રની દૃષ્ટિએ પૂર્ણ-વિકાસ ગણાય છે. જ્યારે તે સર્વકાળમાં પણ અનુભવાય છે ત્યારે તે સાક્ષાત્કાર પૂર્ણાવસ્થા પ્રાપ્ત કરે છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૫૦-૫૫) - પ્રકરણ-૧૯

## પ્રભુપ્રેમ સમજવો મુશ્કેલ છે

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**હું જ્યારે બીજા માણસોને દુઃખી થતાં જોઉં છું ત્યારે મને થાય છે કે હું કમનસીબ છું, પણ જે જ્ઞાન મારી પાસે નથી તેને તો જે શુભ વસ્તુ આવી રહેલી છે તે દેખાય છે અને તે સંમતિ આપે છે. (૨૩)**

''માતાજી, શ્રી અરવિન્દ અહીં કયું જ્ઞાન નથી એમ જણાવે છે?''

''પ્રભુનું જ્ઞાન ત્રિકાળનું હોય છે. તે અખિલ જગતમાં જે પ્રક્રિયા ચાલી રહી છે તેને સમગ્રતાથી જોઇ શકે છે અર્થાત્ ઘટના અને તેના પરિણામો સાથે જોઇ શકે છે. પ્રભુને પ્રગટ કરવા પ્રકૃતિ અનેકવિધ પ્રકારનાં કાર્યો કરી રહી છે. તે બધાં કાર્યોનું અંતિમ શુભ પરિણામ પ્રભુના આવિર્ભાવ સ્વરૂપે જ મળવાનું છે. આ જ છે 'આવી રહેલું શુભ' તેના પ્રત્યે દરેક વસ્તુ આડાઅવળે માર્ગે પણ જઇ રહી છે..... તે ધીમે ધીમે સાચા માર્ગ તરફ વળી રહી છે. તેનું પ્રભુને જ્ઞાન છે તેથી તેમાં તેમની સંમતિ હોય છે. આ જે સમગ્રતાનું જ્ઞાન છે તે શ્રી અરવિન્દને પોતાને નથી એવું તે જણાવે છે.

આપણું જ્ઞાન તો અધૂરું છે. તેમાં લાંબી સમજણ નથી, સમગ્રતા તો જરાપણ નથી. તેથી પ્રભુ જે આપણને સાચા માર્ગે પરાણે ધકેલે છે તે આપણને દુઃખરૂપ લાગે છે.

તેથી જે સ્થિતિ નિર્માણ થઇ હોય તેને સ્વીકારવી અને તેમાં સાચી ચેતનામાં રહેવાનો પ્રયત્ન કરવો. એમ કરવાથી આપણે અજાણતા જ પ્રભુને સહકાર આપતા થઇએ છીએ અને ત્યારે પેલી દુઃખદ સ્થિતિ આપણને દુઃખરૂપ લાગતી નથી. તેમાં પણ પ્રભુનો ગુપ્ત હસ્ત આપણને સાચવતો નજરે પડે છે.

ઘણી વખત દુર્ભાગ્યથી બચી ગયા એટલે આપણે પ્રભુનો પાડ માનીએ છીએ પણ શક્યતા એ છે કે તે દુર્ભાગ્યમાં જે સપડાયા તેમને સાચો રાહ મળવાની શક્યતા વધારે હોય છે. જ્યારે જે બચી ગયા હોય તેમને ઓછી હોય છે. સાચો રાહ મળવો એ મહત્ત્વનું છે. તે કેવી રીતે મળે છે તે વસ્તુ ગૌણ છે. શ્રી અરવિન્દ પોતાના ૨૪મા વિચાર-સૂત્રમાં આ વાત તરફ ઈશારો કરતા દેખાય છે :

**''એક ગુનેગારને ફાંસીએ ચડાવવા માટે લઈ જવામાં આવતો હતો, ત્યારે સરફિલિપ સિડનીએ કહેલું, ''પ્રભુની કૃપા ન હોત તો સર ફિલિપ આમ જ જતા હોત'' એમનામાં જો વધુ જ્ઞાન હોત તો તેમણે એમ કહ્યું હોત ''પ્રભુની કૃપા હોત તો સર ફિલિપ સિડની આમ જતા હોત''**

આ વાક્ય બાયબલનાં એક વિચાર સાથે જાણે સહમત છે. તેમાં જણાવેલ છે કે દુઃખિયારાઓ પ્રભુની વધારે પાસે હોય છે.

આ વાક્ય Sadism અર્થાત્ સ્વપીડનવાદને પોષવા માટે નથી એ ધ્યાનમાં રાખવું જોઈએ. સ્વપીડનવાદમાં લોકો પોતાને જ પીડા આપવામાં આનંદ લે છે એમ સમજીને કે તેમના પાપ વધારે કપાઈ રહ્યાં છે.

આ ગેરસમજ દૂર કરવા શ્રી અરવિન્દ પોતાનું વિચારસૂત્ર ૨૫મું આપે છે :

**પ્રભુ તો મહાક્રૂર જુલમગાર છે, કેમ કે એ પ્રેમસ્વરૂપ છે. તમને આ વસ્તુ સમજાતી નથી કારણ કે તમે કૃષ્ણને જોયા નથી અને તેમની સાથે રમ્યા નથી (૨૫)**
લોકોને પ્રભુ મહાક્રૂર અને જુલમગાર લાગે છે કારણ તેણે આ જગત રચ્યું છે જે ક્રૂર અને જુલમગાર છે. જગતનું દુઃખ જોઈ તે પાષાણહૃદયી પ્રભુને કોઈ દયા કે કરુણા જાણે આવતી જ નથી ! તે તો માણસોને પીસ્યે જ જાય છે. પણ જેણે અધ્યાત્મમાં પ્રવેશ કરેલો છે અને સાચી સમજણ કેળવેલ છે તે સમજે છે કે પ્રભુ જ જગતરૂપે પ્રગટ થયા છે. તેમણે જ પોતાના સ્વરૂપોને દુઃખ અને યાતનાની ભટ્ઠીમાં જોખી દીધાં છે અને તેમનાં દુઃખ તે પોતે જ તેમની સાથે વેઠી રહ્યો છે.

આપણને જે અધ્યાત્મનો સાદ સંભળાય છે તે કૃષ્ણનો સાદ હોય છે. તે જ આપણને આકર્ષીને ધીમે ધીમે અધ્યાત્મ તરફ વાળે છે, ખેંચે છે. તેથી જ તેમને કૃષ્ણ કહે છે - 'કર્ષતિ ઈતિ કૃષ્ણઃ' તે આપણી સાથે જ દુઃખો સહીને આપણને સાચા માર્ગે દોરે છે, તો શું તે આપણો સાચો પ્રેમી નથી ? પ્રેમી જ પોતાના પ્રિયપાત્ર

માટે દુઃખો ખમવા તૈયાર થાય છે. તેની રમતો આપણને સમજાતી નથી કારણ આપણી દૃષ્ટિ જ ટૂંકી છે. તેથી આ વચગાળાની સ્થિતિ પાર કર્યા પછી એવો તબક્કો આવવાનો છે જેમાં આવા દુઃખોની જરૂર નહિ રહે. મૂર્તિને ઘડામણના એક તબક્કામાંથી પસાર થવું પડે છે, જ્યારે તેને હરક્ષણે ટાંકણાના ઘા સહેવા પડે છે. પણ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થયા પછી તેવો કાળ ફરી આવતો નથી. તેવું જ ઉત્ક્રાંતિના આ તબક્કામાં દુઃખ- યાતના જરૂરી છે માટે છે. ભવિષ્યમાં તેમની જરૂર નહિ રહે તે પણ નિશ્ચિત છે.

ઘણી વખત ઉત્ક્રાંતિની સ્થગતિતા તોડવા પ્રભુને સર્વનાશક કાળનું રૂપ લેવું પડે છે (કાલોસ્મિ લોક ક્ષયકૃત્ પ્રવૃદ્ધોઃ - ગીતા) પણ તે તે ખાસ તબક્કાની જરૂરિયાત હતી તે માટે જ તેમણે તેવું રૂપ લીધેલું. આ જ વાત શ્રી અરવિન્દ પોતાના સૂત્ર ૨૬મા જણાવે છે.

**''કોઈએ નેપોલિયનને જુલુમગાર અને ગળાં રહેંસનાર શહેનશાહ તરીકે વર્ણવ્યો છે, પરંતુ મને તો એનામાં આખા યુરોપ પર ફરી વળતાં શસ્ત્રધારી પ્રભુનાં દર્શન થયાં''** (૨૬)

પ્રભુને જાણે ઉત્ક્રાંતિને ઝડપથી આગળ વધારવાની તાલાવેલી લાગી છે જૂની જ વસ્તુઓ નવાને સ્થાન આપવા રાજી નથી, તેથી જ આ વિનાશ સર્જાઈ રહ્યો છે.

''માતાજી, અતિમનસ શક્તિ અવતરણ પામી ચૂકી છે તો પણ યુદ્ધોની આ તમોગ્રસ્તતા હઠાવવા જરૂરિયાત રહેશે?''

''બેટા, રાષ્ટ્રો તે શક્તિ પ્રત્યે કેટલા ખુલ્લા થાય છે, તેમનામાં કેટલી ગ્રહણક્ષમતા છે તેની ઉપર બધો આધાર રહેવાનો છે. જો તે અતિમનસના પ્રભાવ નીચે પોતામાં બદલાવ લાવશે તો યુદ્ધની જરૂર નહિ રહે પણ જો તે ન લાવી શકે તો જરૂરિયાત નિર્માણ થશે. માનવ-ચેતના જેટલી વધારે તમોગ્રસ્ત રહેશે તેટલો યુદ્ધનો ભય વધારે રહેવાનો છે. સ્વૈચ્છિક સમજપૂર્વકનો બદલ એ જ યુદ્ધ ટાળવાનો સાચો માર્ગ છે.''

પ્રભુની કૃપા આવી કટોકટીમાં કેવી ભૂમિકા લેશે તે બાબતમાં આપણે કાંઇ જાણતા નથી, પણ તે આગળ આવી માનવ-જાતને બચાવી લેશે એવી ધારણા છે.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૨૦૯-૨૧૬)

પ્રકરણ - ૩૧ અવતરણો

## આંતરપ્રેરણાની પ્રાપ્તિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 In every one there are variations, ..... Nature never repeats itself..... There are not two identical cases. P.209

2 There were whole sets of symptoms which could belong to..... several diseases. P.210

3 To see what is in a man is quite a different matter..... it is the direct sphere of Yogic vision. P.211

4 I myself cure often by attacking the symptoms than by other way. P.211

5 By mental in tuition I mean that the intuative coming from above get mixed with the mind..... it catches some aspect of the truth but without any completeness. P.212

6 To get intuition..... Calmness is not enough..... The mind must become silent (so that the higher truths reveal in it). P.212

7 The mind easily imitates the intuition..... P.212

8 The ancient systems (of diagnosis) were more intuative. P.212

9 Intellectual thoughts enslaved to preferred..... settled or congenial ideas. P.213

10 If you want to contact the intuition..... Active thought must be stopped..... the entire mental faculty must form..... at the top of the head, and a little further above, a kind of mirror, very quiet, very still, turned upwards, in silent, very concentrated attention..... If you succeed..... you can have the perception of the drops of light falling upon the mirror from a still unknown region and expressing themselves as a conscious thought..... That is the real beginning of the intellectual (mental) intuition. P.214

11 (It is) always with the sensations of a light coming from above..... let it penetrata deep in to being then after a while it expresses itself eighter as a luminous thought or - precise indication here (in the hearts) P.214

12 One feels it as inner guidance..... one must naturally add to it a conscious surrender. P.214
13 The truth need be told only when it helps the person spoken to. P.215
14 We do not have capacity to discern what is true and what is not because we live in a false - consciousness. P.215
15 You will see that state of illness was certainly a necessity. P.216

નિસર્ગ એટલી પ્રચંડ વિવિધતા રચે છે કે બધી રીતે સમાન વસ્તુ કે વ્યક્તિ નિર્માણ થવી શક્ય નથી. આનું કારણ એ છે કે નિસર્ગને પ્રવૃત્ત કરનાર પ્રભુનો સંકલ્પ જ એવો છે કે તેને અનંત વિવિધતા રૂપે પ્રગટ થવું છે. નિસર્ગ પ્રભુના સંકલ્પને ઉથાપી શકતો નથી.

તેથી દરેક રોગનાં લક્ષણો પણ કોઈક રીતે અલગ હોવા જ જોઈએ. પણ આપણને તેનું જ્ઞાન ન હોવાથી આપણે એમ માનીએ છીએ કે સરખા જ લક્ષણો રોગોના એક સમુદાયમાં દેખાય છે. તેથી લક્ષણો ઉપરથી રોગ પારખવો મુશ્કેલ છે. જે આંતર-પ્રેરણાથી લક્ષણોની આરપાર જોઇ તેના પાછળના રોગને ઓળખે છે તેને જ રોગ પારખવો શક્ય છે. તેથી આંતરપ્રેરણા દ્વારા રોગ-નિવારણની બે પદ્ધતિ નિર્માણ થઈ છે : (૧) શ્રી માતાજીની પદ્ધતિ જેમાં રોગનાં લક્ષણો ઉપર જ દિવ્ય-શક્તિનું દબાણ મૂકાતું જેથી તેઓ તેમના મૂળકરણ (રોગ) સમેત નષ્ટ થઈ જાય. (૨) શ્રી અરવિન્દની પદ્ધતિ જેમાં રોગનાં લક્ષણો કે રોગને ધ્યાનમાં ન લેવાતા દિવ્ય-શક્તિને તેને નિરોગી કરવાના સંકલ્પ સાથે મૂકાતી. તે શક્તિ જાતે જ પોતાની રીતે કામ પાર પાડતી.

માણસના બાહ્ય સ્વરૂપની પાછળના તેના આંતરસ્વરૂપને ઓળખવું એ વસ્તુ જુદી છે. તેમાં આંતરપ્રેરણા કામ કરે છે, નહિ કે તર્ક અને અનુમાન. આંતરપ્રેરણા પણ ધીમે ધીમે પ્રગટ થાય છે. પ્રથમ એક અંશ પછી બીજો..... તેથી તેમાં ધીરજ, મનની અવિચળતા અને સત્યનિષ્ઠાની જરૂર પડે છે. એક અંશ ઉપરથી ઉતાવળે નિર્ણય લેતી બુદ્ધિને શાંત રાખવી પડે છે.

આંતરપ્રેરણા જે તત્ત્વ મારફત પ્રગટ થાય છે. તેને તે પ્રકારની આંતર-પ્રેરણા કહે છે. દા.ત. બૌદ્ધિક કે મનોમય આંતરપ્રેરણા પ્રાણમય આંતરપ્રેરણા અથવા

શારીરિક આંતરપ્રેરણા. ખરેખર તો આંતરપ્રેરણા ઊર્ધ્વ-પ્રદેશમાંથી અવતરણ પામે છે. તેને જે તત્ત્વ જલદી ગ્રહણ કરે છે તેને તેવી આંતર-પ્રેરણા કહે છે. પણ આ બધા જ પ્રકારની આંતરપ્રેરણામાં જે તે તત્ત્વની અશુદ્ધિ તો પ્રવેશી જ જાય છે, તેથી તેની ઉપર વિશ્વાસ ઓછો મૂકવો જોઈએ અને તે પૂર્ણ રીતે પ્રગટ થયા બાદ જ વિવેકથી નિર્ણય લેવો જરૂરી છે.

આવી પ્રેરણા કેવી રીતે મેળવવી તે બાબત માતાજી જણાવી રહ્યાં છે ફક્ત મનને શાંત કરી દેવાથી ચાલતું નથી. મન શાંત હોવા છતાં તેમાં શાંતિનો ભંગ ન કરતા વિચારોનો પ્રવાહ વહેતો જ હોય છે. આમાં તો મનને તદ્દન નીરવ અર્થાત્ સ્થિર કરી દેવાનું હોય છે, અરીસા જેવું તેમાં કોઈ પ્રતિબિંબ પડતું ન હોય. વિચારો પણ તેમાં પોતાની ક્રિયાઓ બંધ કરી દે છે. આને નીરવ મન અથવા સ્થિર નિઃશબ્દ મન કહેવાય છે. આવી મનની સ્થિતિ રચતા તમારું ધ્યાન મસ્તક ઉપરનાં એક સૌમ્ય તેજોમય અવકાશ તરફ જાય છે. સ્વચ્છ પાણીની જેમ તમે તે અવકાશને મસ્તકની ઉપર જોઈ શકો છો. માતાજી તે સ્થિતિને સમજાવતા જણાવે છે કે તે જાણે પ્રતિબિંબ વગરનો અરીસો ઊર્ધ્વ દિશા તરફ મુખ કરીને રાખેલો હોય તેવું લાગે છે. વેદો અને ઉપનિષદો આને 'ચિદાકાશ' કહે છે - ચિત્તમાં પડેલ - આંતર આકાશનું પ્રતિબિંબ ગણે છે. તેને વેદાંત અક્ષર નિરાકાર, નિષ્ક્રિય બ્રહ્મ ગણે છે. અચલબ્રહ્મ ગણે છે, અક્ષરપુરુષ ગણે છે.

બધી ઉપમાઓ અને દાખલાઓ એક જ ચૈતસિક - અવસ્થામાં સ્થિર થતાં જ તમને તેમાં પ્રકાશનાં સૂક્ષ્મ કણો પ્રગટતા ઉભરાતા લાગશે. આને તેઓ 'બિન્દુ' કહે છે. સાથે સાથે ઘેરો નાદ સંભળાય છે તેને 'નાદ' કહે છે. સર્વત્ર જણાતા સૌમ્ય બીજના ચંદ્રપ્રકાશ જેવા પ્રકાશને વેદો 'સોમ' તરીકે વર્ણવે છે. જ્યારે વેદાંત 'કલા' તરીકે વર્ણવે છે. આંતરપ્રેરણા તો આ પ્રદેશના ઉપરની ઘટના અને વાસ્તવિકતા છે. તેથી તેને 'નાદબિન્દુકલાતીતા' કહે છે. પણ આંતર-પ્રેરણાના અવતરણ માટે આવો નિર્વાતપ્રદેશ રચવો પડે જ છે. આવી સ્થિતિમાં ધીમે ધીમે કોઈક 'સંકેતો' પ્રગટ થવા લાગે છે. તેને વેદો સરસ્વતીનું કાર્ય (પ્રચોયતિ કેતુના) તરીકે વર્ણવે છે. 'કેતુ' એટલે નીચલો છેડો. અહીં મળતા સંકેતોને 'કેતુ' કહ્યાં છે. આ રીતે પ્રકાશમય આંતરપ્રેરણા નિર્વાત મન અથવા ચિત્તમાં પ્રવેશે છે. આ

સંકેતોને વ્યક્તિનું શુદ્ધ તત્ત્વ તરત પકડી લે છે. તે મુજબ તે આંતરપ્રેરણાને બૌદ્ધિક કે મનોમય, પ્રાણમય કે શારીરિક આંતરપ્રેરણા કહેવાય છે.

આ એક આંતરિક માર્ગદર્શનનો પ્રકાર છે. શ્રી અરવિન્દે Records of Yogaમાં આના ત્રણ પ્રકાર વર્ણવ્યાં છે : (૧) **દૃષ્ટિ** - આમાં દૃષ્યો દર્શાવી સૂચન કરાય છે. (૨) **શ્રુતિ** - આમાં શબ્દો સાંભળી (આકાશવાણી)થી સૂચન કરાય છે. (૩) **લિપિ** - આમાં શબ્દો લિપિમાં દર્શાવીને સૂચન કરાય છે.

ઘણા લોકો ખરાબ સૂચનોને (Prognostications) પણ આંતરપ્રેરણા માની બેસે છે તે ખોટું છે. તેવા સૂચનોને જરાપણ જાહેર ન કરવાની સલાહ છે. ઘણી વખત તે અવચેતનમાંથી ઉછળી આવેલા સંસ્કારોનાં પરિણામ સ્વરૂપ હોય છે. તેનું ઉચ્ચારણ પોતાને તથા સંબંધિત વ્યક્તિ બન્ને ઉપર ખરાબ પરિણામ કરે છે.

આવી જ વાત સાચી આંતરપ્રેરણા હોય તો જ જણાવવી. અન્યથા મૌન રહેવું યોગ્ય ગણાશે. આંતરપ્રેરણા સાચી છે કે ખોટી તે બાબત આપણે નિર્ણય લઈ શકતા નથી. કારણ આપણે સદા ખોટી ચેતનામાં જ જીવતા હોઈએ છીએ અને તેથી મનની, પ્રાણની પસંદગીઓ તેના અર્થને પોતાની રીતે રંગી દે છે. સાચી આંતરપ્રેરણાથી રોગને ઓળખવાની ક્ષમતા આવવાથી તેની ઉપર સીધેસીધું દિવ્ય બળ મૂકી શકાય છે. સાધનાની ઉચ્ચકક્ષાએ તો જણાય છે કે રોગ એ પણ સાધનામાં મદદરૂપ બની જતો હોય છે તે વિકાસને ગતિ આપે છે.

---

## ત્રણ મૂળભૂત સાક્ષાત્કારો

(યોગમાર્ગનો સમન્વય - ભા.-૧, પૃ.૧૩૧-૧૩૬)

(૧) એક સનાતન, સર્વવ્યાપી સભાનતા સ્વરૂપ સત્યનું અખંડ સાનિધ્ય, સ્પષ્ટ દર્શન, ગાઢ અનુભવ, નક્કર સ્પર્શ અને તેની સાથેનો આંતરિક વ્યવહાર. આ ક્ષર પુરુષનો સાક્ષાત્કાર છે. (૨) પોતાના સ્વરૂપ અને સમગ્ર વિશ્વથી પણ ઊર્ધ્વમાં રહેલ પ્રકાશમય, અસીમ અવિચળ અક્ષર પુરુષનો સાક્ષાત્કાર. (૩) પ્રભુ નામ રૂપાત્મક સક્રિય જગતરૂપે પણ અને અચલ અક્ષર પુરુષ રૂપે પણ છે આવા સાક્ષાત્કારને પુરુષોત્તમ ચેતના કહે છે. સારાંશ, ક્ષર, અક્ષર અને ઉત્તમપુરુષનો સાક્ષાત્કાર એ મૂળભૂત છે.

# સાચો આરામ કરવાની પદ્ધતિ

પ્રકરણ - ૨૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

થાક લાગે ત્યારે માણસને આરામ કરવાની ઈચ્છા થાય છે. પણ નાના બાળકો આખો દિવસ દોડાદોડ કરતા હોય છે, છતાં તેમને થાક લાગતો નથી આનો અર્થ વધારે કામથી થાક લાગતો નથી. થાક લાગવાનું બીજું જ કોઈ કારણ છે.

બાળકોની બે સહજ ટેવો આ માટે કારણભૂત છે : (૧) તેઓનો શક્તિક્ષય થતાં જ તેઓ બધું પડતું મૂકીને ઊંઘી જાય છે. અર્થાત્ માનસિક આગ્રહથી શરીર પાસેથી વધારે કામ લેતા નથી. તેઓ તરત શરીરને શક્તિ મેળવવા કુદરતી આરામદાયક સ્થિતિમાં મૂકી દે છે. (૨) બીજું, બાળકો પોતે મેળવેલી શક્તિને બચાવવાનો માનસિક પ્રયત્ન કે કરકસર કરતા જ નથી. તેઓ જે શક્તિ મેળવે છે તે ખુલ્લા દિલથી વાપરી નાંખે છે. આમ, શક્તિ મેળવવાની ક્રિયા અને શક્તિ વ્યયની ક્રિયા નૈસર્ગિક ક્રમે જ તેઓ ચાલવા દે છે. તેના નૈસર્ગિક સમતુલામાં માનસિક આયોજન કરીને તેને વિકૃત કરવાનો પ્રયત્ન કરતાં જ નથી.

પણ વિકસિત માનવોમાં પોતાના સ્વરૂપમાંની સમતુલા જળવાતી નથી. તેમનાં સ્વરૂપનો એક ભાગ પ્રકાશ મેળવીને ઉત્સાહમાં આવી પ્રગતિ કરવા પોતાની ઝડપ વધારી મૂકે છે. અન્ય ભાગો પોતાની પુરાણી ચાલે જ ચાલે છે. આમ, તેના સ્વરૂપમાંની સમતુલા ભાંગી પડવા લાગે છે. આ જ કારણે માણસ થાક અનુભવે છે. બીજી ભાષામાં કહેવું હોય તો એક ભાગ બીજા ભાગો ઉપર જોહુકમી કરીને તેમની પાસેથી વધારે કામ લે છે, તેથી થાક નિર્માણ થાય છે. બીજું જે ભાગો પાસેથી વધારે કામ લેવાય છે તેમને તે કામમાં હજી રસ પડેલો હોતો નથી. તેમને તે મુજબની સમજણ હોતી નથી અથવા તેઓ તમસને કારણે સમજવા માંગતા નથી. જ્યાં કામ નિરસ લાગે ત્યાં અચૂક થાક વધારે લાગવા માંડે

છે.

તો આ થાક ઉતારવા સાચો આરામ કેવી રીતે મેળવવો ? પોતાની ચેતનાથી નિમ્નસ્તરે ઊતરી નિમ્નવૃત્તિઓને સંતોષવી, ઠાંસી ઠાંસીને ભાવતા ભોજન જમવાથી સાચો આરામ મળતો નથી. આ બધી રીતે પોતાને અચેતનને સોંપી દેવાની હોય છે. તામસી જડ બધિર આરામ એ સાચો આરામ મુદ્દલે નથી. આવી પ્રવૃત્તિઓથી બીજે દિવસે વધારે થાક લાગે છે. શરીર વધારે સુસ્ત લાગે છે.

સાચો આરામ ચેતનાના ઊર્ધ્વસ્તરે જઈને જ મળે છે. ચેતનાના ઊર્ધ્વસ્તરે પ્રકાશ હોય છે. આ પ્રકાશ શરીરની ગ્રહણશીલતા વધારી મૂકે છે. કારણ આ પ્રકાશ શાંતિદાયક હોય છે, તેથી શરીર વિશ્વ-પ્રકૃતિ સાથે તાળમેળમાં ગોઠવાઈ જાય છે અને વિશ્વ-પ્રકૃતિમાંથી શક્તિના અનંતપ્રવાહો તે શરીરમાં ઠલવવા માંડે છે. શરીર શક્તિથી ભરપૂર થઈ જતા જ શરીરને પ્રવૃત્તિમાં અર્થાત્ તે શક્તિને વાપરવામાં રસ પડવા માંડે છે. આ સમગ્ર પ્રક્રિયા બાળકોમાં સહજ રીતે થતી હોય છે. મોટા માણસોએ આ ફરીથી શીખવી પડે છે.

જ્યારે શરીર પ્રકાશથી ઓતપ્રોત અનુભવાય છે ત્યારે સહજ રીતે ખૂબ જ એકાગ્ર અને સભાન હોય છે. તેથી શ્રી માતાજી જણાવે છે કે સભાન રહીને આરામ કરતા શીખવું જોઈએ. સાચા આરામમાં પ્રકાશસભરતા, શાંતિ, સભાનતા અને નીરવતા હોય છે. તે ઊર્ધ્વ-ચેતનાની અવસ્થા હોય છે.

## ગુજરાત રાજ્ય શ્રી અરવિન્દ સોસાયટીનું અર્ધવાષિક સંમેલન

ગુજરાત રાજ્ય શ્રી અરવિન્દ સોસાયટીની શાખા/કેન્દ્રનું ૨૦૧૨નું અર્ધવાર્ષિક સંમેલન નવસારીમાં તા.૨૯ જુલાઇ ૨૦૧૨ના રવિવારે બે સત્રમાં રાખવામાં આવેલું. પ્રથમ સત્રનો વિષય 'શ્રી માતાજી' હતો અને બીજા સત્રનો વિષય 'ગુજરાતમાં શ્રી માતાજીનું કાર્ય' આ હતો. સંમેલન દરમિયાન મોના સરકારનાં "The Supreme"ના અનુવાદક તેમ જ નવસારી કેન્દ્રનાં ચેરમેન શ્રી દિલીપભાઈએ કરેલું ભાષાંતર'પરમ'નું પ્રકાશન ટૂંક સમયમાં થશે તેવું જાહેર કરવામાં આવ્યું. ગુજરાતમાંથી વિવિધ કેન્દ્રોના સાધકો સંમેલનમાં ઉપસ્થિત રહ્યાં હતાં. હિમાંશુ પટેલના મધુર ભજન બાદ શ્રી અરવિન્દ સોસાયટીના ચેરમેન શ્રી શરદભાઇ જોષીના પ્રાસંગિક પ્રવચનથી સત્રની શરૂઆત થએલી.

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

# પૂર્ણયોગનો પરિણામ : સર્વદેશીય પૂર્ણતા

(પુસ્તિકા પૃ.૧૭-૧૯)    પ્રકરણ - ૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ જેવી પૂર્ણયોગની પદ્ધતિ સમન્વયવાળી છે તેવું તેનું પરિણામ પણ સર્વદેશીય પૂર્ણતા છે. પૃ.૧૭

૨ અનેક આવિર્ભાવોનું..... અને બહુત્વનું પણ જ્ઞાન મળે છે. પૂર્ણ જ્ઞાનને માટે એ જ્ઞાન પણ આવશ્યક છે. પૃ.૧૭

૩ આ યોગમાં મુક્તિ પણ સમગ્રતાવાળી સર્વદેશીય મળે છે. પ્રભુ જોડે વ્યક્તિનો અવિભક્ત - અવ્યાહત સંબંધ થાય તેનું નામ 'સાયુજ્યમુક્તિ'. એમાં માણસનો આત્મા દ્વૈત અનુભવતો છતાં પરમાત્મા સાથે યુક્ત રહે છે. જે મુક્તિમાં જીવાત્મા પ્રભુપદને પહોંચી સચ્ચિદાનંદમય બને તેનું નામ 'સારૂપ્યમુક્તિ' અને જે મુક્તિમાં પ્રભુના જેવી જ દૈવીપ્રકૃતિ તથા દૈવીપ્રભાવ પ્રાપ્ત થાય છે તેને સાલોક્યમુક્તિ કહે છે. પૃ.૧૭

૪ પૂર્ણ સાક્ષાત્કાર અને પૂર્ણ મુક્તિને લીધે જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ત્રણેનાં પરિણામોનો સમન્વય થાય છે...... સર્વથી પર એવા પરબ્રહ્મ જોડે એકતા પામે છે અર્થાત્ કે એક રીતે જ્ઞાનયોગનું પરિણામ આવે છે..... વ્યક્તિ આનંદનો સાક્ષાત્કાર કરીને સર્વભેદોનો લય કરનાર પ્રેમને અનુભવે છે અર્થાત્..... સાધક લીલામાં આનંદ લેવાની શક્તિ ધરાવે છે. આ ભક્તિયોગનું પરિણામ છે..... કર્મયોગનું પરિણામ પણ પૂર્ણયોગમાં સમાઈ જાય છે. પ્રવૃત્તિમય જીવન ગુજારતો હોવા છતાં જીવાત્મા મોક્ષ મેળવે

છે.પૃ.૧૮

૫ પ્રભુ..... આનંદમય અને પૂર્ણ પણ છે..... દુનિયાનાં સર્વ પદાર્થો પ્રભુના સૂચક તરીકે દેખાવાને લીધે આપણને આનંદ થાય છે..... મનુષ્યદેહમાં પ્રભુની પૂર્ણતાનો નમૂનો આ રીતે તૈયાર થાય છે.પૃ.૧૯

૬ એ પૂર્ણતામાં પ્રાણ, શરીર અને મનની પૂર્ણતાનો પણ સમાવેશ થાય છે..... તેમાં તો હઠયોગ અને રાજયોગનાં સર્વે પરિણામોનો પણ સમાવેશ થવો જ જોઈએ. પૃ.૧૯

૭ આપણે જે પ્રકારની સમગ્ર પૂર્ણતા કહી તે પૂર્ણતા કેવળ વ્યક્તિમાં જ સિદ્ધ કરવા પ્રયત્ન કરવો એ ઈષ્ટ તેમ જ શક્ય પણ નથી...... આપણી મુક્તિ અને આપણી પૂર્ણતાનો સર્વમાં વિસ્તાર કરવો, સર્વને તેને માટે લાયક થાય એવો પ્રયત્ન કરવો એ જ આપણી પૂર્ણતાનો ઉપયોગ છે. પૃ.૧૯

૮ આપણા વ્યક્તિગત અને સામાજિક અથવા સમષ્ટિ જીવનનો અંતિમ આદર્શ..... આખી માણસ જાતના આધ્યાત્મિક જીવનનો વિકાસ કરવામાં આવે ત્યારે જ સિદ્ધ થયો ગણાય. એ આદર્શને જ દુનિયાના જુદા જુદા ધર્મો સત્યયુગ, કૃતયુગ, સુવર્ણયુગ વગેરે જુદાં જુદાં નામોથી વર્ણવે છે અને તે યુગમાં અંતરનું પ્રગટેલું પ્રભુનું ઓજસ અને આધિપત્ય બાહ્ય જીવનમાં પણ વિસ્તરે છે.પૃ.૨૦

પૂર્ણયોગનો સાક્ષાત્કાર પણ પૂર્ણ જ હોય છે. તેમાં ફક્ત નિરાકાર, નિષ્ક્રિય અખંડિતતાનો સાક્ષાત્કાર જ થતો નથી. તે આમાં ચેતનાના વિવિધ આવિર્ભાવોનો પણ સાક્ષાત્કાર થાય છે અને અનંતતા બન્ને આવી જાય છે. પ્રાણીમાત્રમાં અખંડ -ચેતનાનો ત્યાં સાક્ષાત્કાર હોય છે અને સાધક પોતાના કાર્યો દ્વારા પણ તે જ ચેતનાને કાર્ય કરતો અનુભવે છે.

**મુક્તિની પૂર્ણતા**

આ પૂર્ણયોગની સાધના દ્વારા મળતી મુક્તિ પણ પૂર્ણ સ્વરૂપની હોય છે.

(અનુ.પૃ.૨૭ ઉપર)

# સુંદર કથાઓ

- માતાજી

## દયાભાવ

(પૃ.૧૭૧-૧૭૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

કોશલ દેશનું જંગલ. તેમાં વિવિધ પ્રાણીઓ રહે. કોસલ નરેશને શિકાર કરવાનો શોખ, તેથી તેણે એક યુક્તિ કરી. તેણે તે જંગલમાંના તળાવને વચ્ચોવચ્ચ રાખી એક જંગલ સાથેનો જ ઢોરવાડો બાંધ્યો અને ચાકરો દ્વારા જંગલના હરણોને પકડી પકડી તેમાં પૂરવા લાગ્યો.

તે જંગલમાં એક નંદિયા હરણ પોતાના માતાપિતા સાથે રહે. તેણે રાજાની વાત જાણી, તેથી તે તેના સેવકોને સમજાવવા ગયો. પણ સેવકોએ તેને પણ પકડીને ઢોરવાડામાં પૂરી દીધો.

રોજ રાજા ત્યાં આવે અને સહેલાઈથી શિકાર કરે અને હરખાય. આમ, ઘણાનો શિકાર થઈ ગયો. અંતે નંદિયાનો વારો આવ્યો. જેનો વારો આવતો તે બેબાકળો થઈ જતો. આમ તેમ દોડતો  રાજાને તેની શિકાર કરવામાં મજા આવતી પણ નંદિયા તો શાંત ઊભો રહ્યો. તે નિર્ભય હતો. બોલ્યો, ''રાજા, તમારા સંતોષ ખાતર મારો શિકાર કરો, હું તૈયાર છું.''

રાજાને આશ્ચર્ય થયું, ''તને કેમ ડર લાગતો નથી?''

''રાજા મૃત્યુ બધાંને જ છે. તને પણ. દરેક જણ કોઈકનો શિકાર બને છે આજે મારો વારો છે. આવતી કાલે તારો આવશે. કદાચ કોઈ દુશ્મન રાજાનો તું શિકાર બનીશ, નહિતો રોગનો કે ઘડપણનો.''

રાજાએ કહ્યું, ''હે નંદિયા, તેં મારી આંખો ખોલી. હું તને જીવન-દાન આપું છું.''

''રાજન્, દયાળુ હો તો બધાંને જ જીવન-દાન આપો.''

રાજાએ માન્ય કર્યું. બધાં જ પ્રાણીઓને મુક્ત કર્યા. તેણે શિકાર કરવાનું છોડી દીધું.

કહેવાય છે કે નંદિયા હરણ બુદ્ધનો પૂર્વાવતાર હતો.



# શ્રી અરવિંદ

A great Personality sometimes
Possesses us which yet we know is ours:
Or we adore the Master of our souls.
Then the small bodily ego thins and falls;
A wider consciousness opens then its doors;
Invading from spiritual silences.


Savitri B-1, C-4, P-47-48

## અક્ષરપુરુષનો સાક્ષાત્કાર

ભાવાનુવાદ

વિશાલ વ્યક્તિત્વ વિરલ ક્ષણે, સ્વરૂપે જગવતું વિશ્વભાન,
જે લાગે પોતાતણું, આત્મદેવનું મહતિ ગાન.
ક્ષીણ થતો અહંભાવ, નિમૂળ થઈ નામશેષ થતો,
વિશાળ ચેતનાના દ્વારો, એ અંતે ખોલી જતો.
દિવ્ય-નિરવતાના આભથી, અસીમ વિસ્તાર છલકતો,
ન રંગ-રૂપ, ન ગુણ વિશેષ, તત્‌નો સાક્ષાત્કાર થતો.

# નાગેશ્વરમ્
(દારુકાવન, મહારાષ્ટ્ર)



પ્રાણશક્તિનું પ્રતીક ગણ્યું, નાગ, કુંડલિની રૂપ,
આત્મતત્ત્વની શક્તિ બની, તેથી નાગેશ નામ અનુરૂપ.

શંકર-તને નાગો રમે, એ સૂચક ચિહ્ન જણાય,
તેને પ્રભુ - સેવક બનાવીને, અલંકારરૂપે સધાય.

પ્રાણ-શક્તિને પલોટવી, ને દિવ્ય-કાર્યે વિનિયોગ,
પ્રભુસેવક બનાવીને, હનુમત્-ભાવનો આ યોગ.

એ નાગેશનો માર્ગ કહ્યો, કર્મયોગની આણ,
કર્મદ્વારા જ્ઞાન - ભક્તિ સંચરે, એ છે યોગ-વિધાન.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**